RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No.182* Date: 23.04.2023, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ૨૦૧૭ પહેલા ભરતી પ્રક્રિયામાં જાતિવાદ અને ભત્રીજાવાદનું પ્રભુત્વ હતું : યોગી આદિત્યનાથ

લખનૌ,તા.૨૨

સમાજવાદી પાર્ટીનું નામ લીધા વિના, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું કે ૨૦૧૭ પહેલા ભરતી પ્રક્રિયામાં જાતિવાદ અને ભત્રીજાવાદ પ્રવર્તતો હતો, જ્યારે તેમની સરકાર માત્ર લાયક અને મહેનતુ લોકોને જ નોકરીઓ આપે છે. સિગ્નેચર બિલ્ડિંગમાં આયોજિત રાજ્ય પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષોની ૨૪મી રાષ્ટ્રીય પરિષદના ઉદ્‌ઘાટન સમારોહને સંબોધિત કરતા યોગીએ શનિવારે કહ્યું હતું કે, ‘‘જ્યારે અમે વર્ષ ૨૦૧૭માં રાજ્યનો કાર્યભાર સંભાળ્યો ત્યારે એવું જોવા મળ્યું કે ઉત્તર પ્રદેશ પબ્લિક સર્વિસ કમિશન, ગૌણ સર્વિસિસ સિલેક્શન કમિશન, હાયર એજ્યુકેશન સિલેક્શન કમિશન અને સેકન્ડરી એજ્યુકેશન સિલેક્શન કમિશનની પરીક્ષાઓમાં ફરિયાદોનો ઢગલો હતો. અનેક ભરતી પ્રક્રિયામાં કોર્ટમાંથી સ્ટે ચાલી રહ્યો હતો. કેટલાક કેસમાં કોર્ટે ગંભીર અવલોકનો પણ કર્યા હતા. યુપી પોલીસમાં દોઢ લાખ પોસ્ટ ખાલી હતી કારણ કે સુપ્રીમ કોર્ટે તેના પર સ્ટે મૂક્યો હતો. મેં અધિકારીઓને કહ્યું કે ભરતીમાં જે પણ ખામીઓ છે તેને દૂર કરો. ,



તેમણે કહ્યું કે અગાઉ પ્રક્રિયા પારદર્શક ન હતી. તે સમયે, ભત્રીજાવાદ અને જ્ઞાતિવાદએ ભરતી પ્રક્રિયાને ઢાંકી દીધી હતી અને ગુણવત્તા અને પ્રતિભા સાથે અન્યાય કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં, અમે ભરતી પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે સારા પ્રમાણિક લોકોની ટીમ તૈયાર કરી છે. છેલ્લા છ વર્ષમાં પોલીસ વિભાગમાં એક લાખ ૬૪ હજારથી વધુ જગ્યાઓ પારદર્શક રીતે ભરવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે આ કાર્યક્રમમાં ભાગ લેવો મારા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ઉત્તર પ્રદેશના વહીવટીતંત્રે છેલ્લા છ વર્ષમાં જે કંઈ કર્યું છે તે તમારા બધા દ્વારા દેશના ખૂણે ખૂણે પહોંચાડવાનું છે. તેમણે કહ્યું કે એક આદર્શ સમાજમાં, તે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન હોય કે રાજ્ય પબ્લિક સર્વિસ કમિશન, તે બધાની મોટી ભૂમિકા હોય છે. વડા પ્રધાનના માર્ગદર્શન હેઠળ, દેશમાં મહત્વાકાંક્ષી જિલ્લાઓના સીમાંકનની પ્રક્રિયાને નીતિ આયોગ દ્વારા આગળ વધારવામાં આવી હતી, જેમાં ૧૧૨ જિલ્લાઓ હતા, જેમાંથી આઠ જિલ્લાઓ ઉત્તર પ્રદેશના હતા. જ્યારે નીતિ આયોગે ટોચના ૧૦ રાજ્યોની યાદી બહાર પાડી ત્યારે ઉત્તર પ્રદેશ પણ તેમાં સામેલ હતું અને તેના ૮ જિલ્લાઓ પણ તેમાં સામેલ હતા. છેલ્લા છ વર્ષમાં સરકારે ૫.૫ લાખ નિમણૂંકો કરી છે. કોઈપણ નિમણૂક પર કોઈ પ્રશ્નાર્થ ચિહ્ન નથી.

તેમણે વધુમાં કહ્યું કે રાજ્યની વસ્તી ૨૫ કરોડ છે, આવી સ્થિતિમાં સાડા પાંચ લાખ સરકારી નોકરીઓ નહીં ચાલે. રાજ્યના ઘણા એવા યુવાનો છે જેઓ સરકારી નોકરીમાં જોડાવા માંગતા નથી, તેઓ તેમના ક્ષેત્રમાં કંઈક નવું કરવા માંગે છે. સરકાર આના પર કામ કરી રહી છે. આ અંતર્ગત રાજ્યના ૭૫ જિલ્લાઓનું મેપિંગ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૫૭ જિલ્લાના અનોખા ઉત્પાદનોને નવી ઓળખ આપવામાં આવી હતી. તે જ સમયે, ૧૮ જિલ્લાઓ માટે એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે એક અથવા બીજી પ્રોડક્ટ આ જિલ્લાઓ સાથે પણ જોડાયેલી હોવી જોઈએ. આવી સ્થિતિમાં વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ એક્શન પ્લાન લાગુ કરવામાં આવ્યો, જેના કારણે વર્ષ ૨૦૧૭માં ઉત્તર પ્રદેશમાં કુલ નિકાસ ૮૬૦૦૦ કરોડ હતી, જે આજે લગભગ બે લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે પ્રોડક્ટની ડિઝાઈનની સાથે તેને પેકેજિંગ સાથે પણ જોડવામાં આવી હતી. તેમને દરેક રીતે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. લોકોને ટ્રેનિંગ આપવામાં આવી, તેમને બેંકો સાથે જોડવામાં આવ્યા. એટલું જ નહીં વિશ્વકર્મા શ્રમ સન્માન યોજના દ્વારા રાજ્યના કારીગરોને ટુલ કીટ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.તેમણે કહ્યું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી હોવાને કારણે ઘણું રોકાણ આવ્યું છે. રાજ્યમાં ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૫ લાખ કરોડ રૂપિયાના રોકાણની દરખાસ્તો મળી હતી. રાજ્યની કાયદો અને વ્યવસ્થાના કારણે દેશ અને દુનિયાનો દરેક નાગરિક ઉત્તર પ્રદેશમાં રોકાણ કરવા માંગે છે. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં દસ લાખ કરોડના બ્રેકિંગ સેરેમનીનું પણ આયોજન કરવામાં આવશે. યોગીએ કહ્યું કે કોરોનાના સમયગાળામાં લોકડાઉન દરમિયાન રાજ્યમાં રસ્તાઓ પર કામદારો અને મજૂરોની રેલી દરેકે જોઈ હશે. તે દરમિયાન લગભગ ૪૦ લાખ કામદારો અને મજૂરો રાજ્યની અંદર આવ્યા હતા. રાજ્યમાં કાર્યરત ૯૬ લાખ સ્જીસ્ઈ એકમોમાં સરકારે તે તમામને સમાવી લીધા છે. ઘણા રાજ્યો એવા હતા જેમણે તેમના કામદારો અને મજૂરોને લેવાનો ઈનકાર કર્યો હતો. તેથી અમે યુપીમાં રહેવાની વ્યવસ્થા કરી. એટલું જ નહીં નેપાળ સરકારે પણ પોતાના લોકોને લેવાનો ઈક્રાર કરી દીધો હતો.

## હું નીતીશને પૂછીશ કે શું તેઓ વડાપ્રધાન બનવા માંગે છે : ભાજપ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી

નવીદિલ્હી,તા.૨૨

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ શનિવારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ×જૂના મિત્ર× ગણાવ્યા અને કહ્યું કે તેઓ તેમને (નીતીશ) પૂછશે કે શું તેમની પાસે વડાપ્રધાન બનવાની મહત્વાકાંક્ષા છે. સ્વામી કાયદાના વિદ્યાર્થીઓના સંમેલનમાં ભાગ લેવા બિહારની રાજધાની પટનામાં હતા. આ દરમિયાન તેમણે પત્રકારો સાથે પણ વાત કરી હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું વિપક્ષી પાર્ટીઓને એક કરવાના કુમારના પ્રયાસો સફળ થવાની કોઈ શક્યતા દર્શાવે છે, તો સ્વામીએ કહ્યું, નીતીશ કુમાર મારા જૂના મિત્ર રહ્યા છે. આવા પ્રશ્નને હું કેવી રીતે ના કહી શકું?

તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે જનતા દળ (યુનાઈટેડ)ના વડા કુમાર ભવિષ્યમાં વડાપ્રધાન બની શકે છે, સ્વામીએ સ્મિત સાથે જવાબ આપ્યો, ‘જ્યાં સુધી નીતિશ પોતે આવી ઈચ્છા વ્યક્ત ન કરે ત્યાં સુધી હું કેવી રીતે કહી શકું?’ મેં તેની સાથે મુલાકાતનો સમય માંગ્યો છે. જો તેઓ મળવા માટે સંમત થાય તો હું તેમને પૂછીશ કે શું તેમને વડાપ્રધાન બનવામાં રસ છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી, જેઓ ઘણીવાર નરેન્દ્ર મોદી સરકારની અર્થવ્યવસ્થાના સંચાલનની ટીકા કરતા હોય છે, તેમને યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ ના આંકડાઓના પ્રકાશમાં વસ્તી કાયદાની જરૂરિયાત વિશે પણ પૂછવામાં આવ્યું હતું. તેમણે કહ્યું, ‘‘આજની વસ્તી વૃદ્ધિની સરખામણી ૫૦-૬૦ વર્ષ પહેલાંની વસ્તી સાથે કરો. જો અર્થવ્યવસ્થા ૧૦ ટકા કે તેથી વધુના દરે વૃદ્ધિ પામે છે, તો વસ્તી સંતુલન સ્વાભાવિક રીતે થશે. ૧૪૨.૮૬ કરોડની વસ્તી સાથે, ઁદ્રક્ષ્ઁછના તાજેતરના ડેટા અનુસાર, ભારત વસ્તીની દ્રષ્ટિએ વિશ્વનો નંબર વન દેશ બની ગયો છે. અને તેણે ચીનને પાછળ છોડી દીધું છે.

વસ્તી નિયંત્રણ માટે કાયદાની જરૂરિયાત વિશે પૂછવામાં આવતા સ્વામીએ કહ્યું, ×મને નથી લાગતું કે તેની જરૂર છે. બળજબરીપૂર્વકના પગલાં દ્વારા વસ્તીને નિયંત્રિત કરી શકાતી નથી. આપણે ઈન્દિરા ગાંધીના આવા પ્રયાસોને ભૂલવું જોઈએ નહીં જેના ખતરનાક પરિણામો આવ્યા હતા.’’ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ રાજ્યપાલ સત્ય પાલ મલિકને બોલાવવા પર, સ્વામીએ કહ્યું કે તે (મલિક) એક બહાદુર વ્યક્તિ હતા.

બીજેપી નેતાએ કહ્યું, ‘તેમને પૂછવામાં આવતા તમામ પ્રશ્નોના તેઓ યોગ્ય જવાબ આપશે. પરંતુ તેમને બોલાવવામાં આવ્યા છે તે કહેવું ખોટું છે. સીબીઆઈ એવા કેસની તપાસ કરી રહી છે જેમાં તે તેમની પાસે રહેલી માહિતીનો લાભ લેવા માંગે છે.’

અન્ય એક પ્રશ્નના જવાબમાં સ્વામીએ કહ્યું કે જેઓ એક દિવસ પહેલા અહીં અતીક અહેમદની પ્રશંસામાં સૂત્રોચ્ચાર કરે છે, ×તેઓ પોતાને બદનામ કરી રહ્યા છે.× તેમણે કહ્યું, ×તેઓ મૂર્ખ લોકો છે. અતીક કેવો માણસ હતો તે જાણીતું છે. તેના હત્યારા પણ ઝડપાઈ ગયા છે અને યોગ્ય કાર્યવાહીનો સામનો કરવામાં આવશે. આપણે આવા નારાઓ વિશે વધુ ચિંતા કરવાની જરૂર નથી. જો સૂત્રોચ્ચાર રાષ્ટ્રવિરોધી હોય તો વહીવટી તંત્ર તેની નોંધ લઈ યોગ્ય કાર્યવાહી કરી શકે.તેમને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના વડા અસદુદ્દીન ઓવૈસીના રોષ વિશે પણ પૂછવામાં આવ્યું હતું, જેમણે પોલીસ કસ્ટડીમાં ‘’બે મુસ્લિમો’ (અતિક અને તેના ભાઈ અશરફ)ની હત્યાની સખત ટીકા કરી છે. સ્વામીએ કહ્યું, ‘‘ઓવૈસી એક મિત્ર છે, જે ખૂબ જ બુદ્ધિશાળી છે.

હું ઘણી વાર તેની સાથે મજાક કરું છું કે તે એક દેશભક્ત છે જે ઘણીવાર પોતાને મુસ્લિમોના નેતા તરીકે સ્થાપિત કરવા માટે રાષ્ટ્રીય હિત વિરુદ્ધ કામ કરે છે. પરંતુ તે એક એવી વ્યક્તિ છે જેને આદર સાથે સાંભળી શકાય છે.

## જો આજે લોકસભાની ચૂંટણી થાય તો મોદી સત્તા રાખશે કે વિરોધીઓ બાજી પલટશે : સર્વેમાં આવ્યા ચોંકાવનારા આંકડા

બેંગ્લોરૂ,તા,૨૨

હાલમાં કર્નાટકમાં વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે. અહીં સત્તાધારી ભાજપની બેઠકો જોખમમાં છે એવા અનેક સર્વે સામે આવી રહ્યાં છે. ત્યારે આગામી લોકસભા ચૂંટણીના પરિણામો શું આવશે તે અંગે રાજકીય વર્તૂળોમાં ચર્ચાનો દોર શરુ થઇ ગયો છે. બીજી બાજુ અદાણી મામલે વિરોધીઓ એક મંચ પર ભેગા થતાં જો આજે જ લોકસભાની ચૂંટણી થાય તો મોદી સત્તા રાખશે કે વિરોધીઓ બાજી પલટશે તે અંગે એક મીડિયા હાઉસ દ્વારા રસપ્રદ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. કોણ જીતનો તાજ પહેરશે, કોને હારની માર પડશે અને વડા પ્રધાનનો હવે પછીનો ચહેરો કોણ હશે તે અંગે અનેક તર્ક પણ થઇ રહ્યાં છે. આ સર્વેમાં આ તમામ પ્રશ્નો સમાવી લેતાં ખૂબ જ રસપ્રદ પરિણામ આવ્યું છે.

આ સર્વેના માધ્યમથી વિવિધ પ્રશ્નોના જવાબ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સર્વેમાં દર્શાવ્યાનુસાર જો આજે જ લોકસભાની ચૂંટણી થાય તો ભાજપ અને મિત્ર પક્ષોને ૨૯૨થી ૩૩૮ બેઠકો મળશે. તો કોંગ્રેસ અને મિત્ર પક્ષોને ૧૦૬ થી ૧૪૪ બેઠકો મળી શકે છે. તૃણમૂલ કોંગ્રેસને ૨૦ થી ૨૨ બેઠકો જ્યારે અન્યના ભાગે ૬૬ થી ૯૬ બેઠકો જશે એવું આ સર્વેનું તારણ છે. આ સર્વે પ્રમાણે જો આજે લોકસભાની ચૂંટણી થાય તો ટક્કાવારીમાં પણ ભાજપ મેદાન મારી જશે તેવી શક્યતાઓ છે. જેમાં ભાજપ અને મિત્ર પક્ષોને ૩૮.૨ ટકા મત મળવાની શક્યતા છે. જ્યારે કોંગ્રેસ અને મિત્ર પક્ષોને ૨૮.૭ ટકા મત મળશે. અન્યના ખાતે ૩૩.૧ ટકા મત જવાની શક્યતાઓ છે.

વડા પ્રધાનપદ માટે વિચારવામાં આવે તો વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ હરોળમાં સૌથી આગળ છે. આ સર્વેમાં ૬૪ ટકા લોકોએ વડા પ્રધાન મોદીની તરફેણ કરી છે. ૧૩ ટકાએ રાહુલ ગાંધીને પસંદ કર્યો છે જ્યારે નિતીશ કુમારને ૬ ટકા, કેસીઆરને ૫ ટકા અને અરવિંદ કેજરીવાલને ૧૨ ટકા લોકોએ પસંદ કર્યો છે. તો ૨૦૨૪માં વિપક્ષનો ચહેરો કોણ હશે એ બાબતે પૂછતાં ૨૯ ટકા લોકોએ રાહુલ ગાંધીનું નામ પસંદ કર્યું છે. ૧૩ ટકા મમતા બેનર્જીને પસંદ કરે છે. ૧૯ ટકા લોકોએ કેજરીવાલના નામ પર મહોર લગાવી છે. ૭ ટકાનો વોટ કેસીઆરની તરફેણમાં છે તથા ૮ ટકા લોકોએ નિતીશ કુમારનું નામ પસંદ કર્યું છે.૨૦૨૪માં ભાજપ ફરી એકવાર ૩૦૦ બેઠકો જીતશે કે એવો પ્રશ્ન પૂછતાં ૪૨ ટકા લોકોના મતે ભાજપને ૩૦૦થી વધુ બેઠકો મળશે તેમ કહ્યું હતું. જ્યારે ૨૬ ટકા લોકો માને છે કે ૩૦૦ બેઠકો જીતવી ભાજપ માટે મૂશ્કેલ થશે. જ્યારે ૧૯ ટકા લોકોએ આ બાબતનો ખૂલાસો ચૂંટણી વખતે જ થઇ શકશે એવો જવાબ આપ્યો હતો.

## મુખ્તાર અંસારીની વીઆઈપી ટ્રીટમેન્ટ પાછળ ૫૫ લાખનો ખર્ચ કરાયો, ભગવંત માન સરકારે બિલ ભરવાની ના પાડી દીધી

ચંડીગઢ,તા.૨૨

પંજાબની રોપડ જેલમાં બંધ કુખ્યાત માફિયા મુખ્તાર અંસારીની વીઆઈપી ટ્રીટમેન્ટ પાછળ અત્યાર સુધીમાં ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. રોપડ જેલમાં મુખ્તાર અંસારીની ખાતીરદારી પાછળ ૫૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જેને ભગવંત માને ભરવાનો ઈનકાર કરી દીધો છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કોંગ્રેસ સરકાર પર માફિયા મુખ્તાર અંસારીને કર્ન્ફટેબલ સ્ટે આપવાનો આરોપ લગાવ્યો છે.

મુખ્તાર અંસારી પાછળ કરવામાં આવેલા લાખો રૂપિયાના ખર્ચ સંબંધિત બિલની ફાઈલને માને પાછી મોકલી દીધી છે. ભગવંત માને કહ્યું કે, આ ખુલ્લી લૂંટ છે તેને કોઈ પણ ભોગે ચલાવી નહીં લેવાય. ભગવંત માને એમ પણ



કહ્યું કે, મુખ્તાર અંસારીને જેલમાં મળતી સુવિધાઓ અંગે ગત સરકાર કોંગ્રેસને ખબર હશે. આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે અગાઉની સરકાર પંજાબમાં કુખ્યાત આરોપીઓ પર કેવી મહેરબાન હતી. મેં ફાઈલ પરત મોકલી દીધી છે. કેમ આ બિલ એમની પાસેથી વસુલવામાં ન આવે જે એ સમયે મંત્રી હતા?

હવે જોવાનું એ રહેશે કે આ બિલોની ચૂકવણી કેવી રીતે થશે, કારણ કે જેલમાં કેદીઓ પર કરવામાં આવેલા ખર્ચના બીલોની સરકાર ચૂકવણી કરે છે. પરતું ભગવંત માને તો બીલ ભરવાથી સ્પષ્ટ ના પાડી દીધી છે. એવામાં સવાલ એ થાય કે આ બિલની ચુકવણી કોણ કરશે? જો સીએમ માન બીલ નહીં ચૂકવે તો જેલ વિભાગ સામે મોટી મુશ્કેલી ઉભી થશે.દેશ દુનિયાના મહત્વપૂર્ણ સમાચારો, બિઝનેસ, ફાયનાન્સ, અજબગજબ, ઓટો અને ટેક્નોલોજી સહિતના સમાચાર વાંચો જીએસટીવીની વેબસાઈટ પર મુખ્તાર અંસારીની વીઆઈપી ટ્રીટમેન્ટ પાછળ ૫૫ લાખનો ખર્ચ કરાયો, ભગવંત માન સરકારે બિલ ભરવાની ના પાડી દીધી

## જેડીએસએ બીજેપી-કોંગ્રેસ છોડીને આવેલા ૨૮ નેતાઓને ટિકિટ આપી

બેંગ્લુરૂ,તા.૨૨

કર્ણાટક ચૂંટણી હવે અંતિમ ચરણમાં છે. તમામ પાર્ટીઓએ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે અને ઉમેદવારી નોંધાવવાની પ્રકિયા પણ પુર્ણ થઈ ગઈ છે. કર્ણાટકમાં આ વખતે જેડીએસ ફરીથી કિંગ મેકર બની શકે છે. જેડીએસે આ વખતે બીજેપી-કોંગ્રેસ છોડીને આવેલા ૨૮ નેતાઓને ટિકિટ આપી છે.જ્યારથી ઉમેદવારોની જાહેરાત થવાની શરૂ થઈ ત્યારથી તમામ પાર્ટીના નારાજ નેતાઓ બીજી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ યાદીમાં જેડીએસમાં પણ ઘણા કોંગ્રેસ અને બીજેપીના નેતાઓ જોડાયા છે. હવે આ ચૂંટણીમાં આ નેતાઓ પર મોટો દાવ ખેલ્યો છે.

ટિકિટ કપાવાથી નારાજ થયેલા બીજેપી-કોંગ્રેસના નેતાઓનો સૌથી વધુ લાભ જેડીએસને થયો છે. રાજ્યની સૌથી મોટી અને સૌથી જૂની પ્રાદેશિક પાર્ટી જેડીએસે પક્ષપલટો કરનારાઓને દિલ ખોલીને આવકાર્યા છે અને ટિકિટ પણ આપી છે.પાર્ટી અધ્યક્ષ કુમારસ્વામીએ બીજેપી અને કોંગ્રેસમાંથી આવેલા કુલ ૨૮ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. આ તમામ નેતાઓ નારાજ થઈને પાર્ટી છોડીને જેડીએસમાં આવ્યા છે. આમ કરવા પાછળ કુમારસ્વામીની વિચારસરણી એ છે કે કોંગ્રેસ અને બીજેપી છોડનારાઓને કારણે તેમની પાર્ટી વધુ સીટો જીતીને કિંગમેકરની ભૂમિકામાં આવી શકે છે. અહીં તમને જણાવી દઈએ કે, કર્ણાટકમાં સૌથી વધુ નુકસાન બીજેપીને થયુ છે. ટિકિટ કપાવાથી નારાજ ઘણા બીજેપી નેતાઓ કોંગ્રેસ અને જેડીએસ સાથે જોડાઈ ચુક્યા છે.

## શિવસેનાએ સામાન્ય લોકોને પ્રધાન અને ધારાસભ્ય બનાવ્યા છે. શિવસેનાની તાકાત હજુ પણ છે.: સંજય રાઉત

મુંબઈ,તા.૨૨

મુખ્યપ્રધાન બનવું કોને ના ગમે. અજિતદાદમાં મુખ્યપ્રધાન બનવાની ક્ષમતા છે.’’ શિવસેના ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે આવું વિધાન કર્યું છે. તેમણે ઁદ્ગઁના વરિષ્ઠ નેતા અજિત પવારને શુભેચ્છા પણ પાઠવી છે. સંજય રાઉતે કહ્યું કે, ‘‘અજિતદાદા ઘણા વર્ષોથી મંત્રી છે. જો કોઈ નસીબદાર હશે તો તે મુખ્યપ્રધાન બનશે. ઘણા લોકો લાયક ન હોય છતાં મુખ્યપ્રધાન પદ પર બેસે છે.

સૌથી વધુ વખત નાયબ મુખ્યપ્રધાન રહેવાનો રેકૉર્ડ અજિત પવારના નામે છે. સંજય રાઉતે કહ્યું કે, ‘‘તેમનામાં મુખ્યપ્રધાન બનવાની ક્ષમતા છે. મહાવિકાસ આઘાડી મજબૂત છે. હવે અમે વિપક્ષમાં છીએ. હાલમાં મુખ્યપ્રધાન પદનો મુદ્દો નથી, પણ અમે ૨૦૨૪માં ફરી સત્તામાં આવીશું, પછી જોઈશું. વજમૂથ સભા ત્રણ પક્ષો દ્વારા મળીને યોજાઈ રહી છે. ત્રણેય પક્ષો નક્કી કરે છે કે બેઠક ક્યાં કરવી, સભામાં કોણ બોલશે, આ ત્રણેય પાર્ટીઓનો સંયુક્ત નિર્ણય છે. આમાં કોઈ વિવાદ નથી.’’આવતી કાલે (૨૩ એપ્રિલ) ઉદ્ધવ ઠાકરે જલગાંવ જિલ્લાના પચોરામાં જાહેર સભા કરશે. આ બેઠકની પૃષ્ઠભૂમિની સમીક્ષા કરવા સાંસદ સંજય રાઉતે જલગાંવ જિલ્લાની મુલાકાત લીધી છે. આજે તેમણે જલગાંવમાં મીડિયા સાથે વાતચીત કરી હતી. આ સમયે તેમણે શિવસેનાના શિંદે જૂથની પણ ટીકા કરી હતી.

તેમણે કહ્યું કે, ‘‘જલગાંવ અમારું છે, શિવસેનાનું છે. ઉદ્ધવ ઠાકરે આવતી કાલે બપોરે જલગાંવ પહોંચશે. ત્યાંથી તેઓ પચોરા જશે.’’ રાઉતે આવતી કાલની બેઠક મોટી હશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અજિત પવારે કહ્યું કે, ‘‘બેઠકની સંપૂર્ણ તૈયારી છે.’’ રાઉતે ઉમેર્યું હતું કે, ‘‘અમારી પ્રેસ કોન્ફરન્સથી વિરોધીઓ ડરે છે અને આક્રંદ કરે છે. અમે જે સત્ય કહી રહ્યા છીએ તે સાંભળવાની અને સહન કરવાની તમારામાં હિંમત નથી. અમે જંગલમાં મુક્તપણે ફરતા વાઘ જેવા છીએ. તમે બધા ગુલામ છો.’’રાઉતે કહ્યું કે, ‘‘અમે સંઘર્ષ કરીશું. કેટલાક જૂઠું બોલીને સત્તા મેળવે છે. પાર્ટી કોની છે તે ધારાસભ્યની સંખ્યાના આધારે નક્કી થાય તે ખોટું છે. શિવસેનાએ સામાન્ય લોકોને પ્રધાન અને ધારાસભ્ય બનાવ્યા છે. શિવસેનાની તાકાત હજુ પણ છે. જે લોકોએ બળવો કર્યો છે તેમને જનતા મત દ્વારા જવાબ આપશે.’’

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# સાંસ્કૃતિક કૂટનીતિ

*ભારતમાં બેશક હિંદુ બહુસંખ્યક છે, પરંતુ અહીં બૌદ્ધ ધર્મનો જન્મ થવાના નાતે સમગ્ર વિશ્વના બુદ્ધિસ્ટોનો ભારત પ્રત્યે ધાર્મિક-સાંસ્કૃતિક લગાવ છે. ભારતમાં હિંદુઓનો બૌદ્ધ ધર્મ પ્રત્યે અનુરાગ છે અને જૈન ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ વગેરેને સહયોગી ધર્મ તરીકે જોવામાં આવે છે. આ વર્ષે જ્યારે ભારત વિકસિત અને વિકાસશીલ દેશોના સંગઠન જી-૨૦ સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યું છે, તેમાં વૈશ્વિક બૌદ્ધ શિખર સંમેલન રૂપે પણ એક એવો ગ્લોબલ મંચ મળ્યો છે, જ્યાંથી ભારત વિશ્વને બૌદ્ધ ધર્મના અહિંસા અને શાંતિનો સંદેશ આપી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને સ્પષ્ટ કહ્યું કે બૌદ્ધ ધર્મના સંસ્થાપક મહાત્મા બુદ્ધના ઉપદેશોમાં વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન છે, બૌદ્ધ ધર્મના દેખાડેલા રસ્તે ભવિષ્યના માર્ગ છે. વડાપ્રધાને વિશ્વને આહ્વાન કર્યું કે પ્રત્યેક રાષ્ટ્રની પ્રાથમિકતા આપણા દેશની સાથે વિશ્વના હિતની પણ હોય. આજે જ્યારે વિશ્વમાં રશિયા અને યુક્રેન વચ્ચે એકથી વધુ સમયથી જંગ ચાલુ છે, અમેરિકાનો રશિયા અને ચીન સાથે ટકરાવ ચરમ પર છે, આતંક અને હિંસાથી વિશ્વના અનેક દેશ પીડિત છે, દુનિયાના કેટલાય દેશોમાં જાતીય, સાંપ્રદાયિક, લૈંગિક, ક્ષેત્રીય સંઘર્ષ ચાલુ છે. ટ્રેડવોર, ગરીબી, ભૂખમરો, બીમારી વગેરેને કારણે સામાજિક આર્થિક તણાવ છે, જળવાયુ પરિવર્તનને કારણે પર્યાવરણ ખતરામાં છે, એવામાં આ પડકારોનો સામનો કરવામાં મહાત્મા બુદ્ધના સંદેશ આજે વધુ પ્રાસંગિક છે.*

*બૌદ્ધ ધર્મના માનવતા સંદેશ વિશ્વમાં શાંતિ માટે ઉપયોગી છે. શાંતિના માહોલમાં જ વિશ્વનો વિકાસ સંભવ છે. યુદ્ધ, સંઘર્ષ, આતંકવાદ વગેરેથી કશું હાંસલ નહીં થાય. એક શાંતિપૂર્ણ, અહિંસક અને સ્થિર વિશ્વની સ્થાપના માટે બુદ્ધનો માર્ગ યોગ્ય છે. યુદ્ધ, હિંસા, આર્થિક અસ્થિરતા, આતંકવાદ અને મજહબી ઉન્માદ જેવા ખતરા માનવતાના આત્મા પર પ્રહાર કરી રહ્યા છે. આજે વિશ્વમાં ૫૦ કરોડથી વધારે બૌદ્ધ છે. વિશ્વની સાત ટકા વસતી બૌદ્ધ ધર્મને માને છે. ૨૮થી વધુ દેશોમાં બૌદ્ધ ધમ્મને માનનારા લોકો નિવાસ કરે છે. બૌદ્ધ ધર્મના મહત્ત્વના સંદેશ અહિંસા, સહઅસ્તિત્વ અને સમન્વય છે, વિશ્વમાં શાંતિ, વિકાસ, ગરીબી ઉન્મૂલન માટે આ સંદેશાનું પાલન જરૂરી છે. શિખર સંમેલનનો વિષય 'સમકાલીન પડકારો પર પ્રતિક્રિયા : અભ્યાસ માટે દર્શન' છે. આ વૈશ્વિક શિખર સંમેલન બૌદ્ધ ધર્મમાં ભારતના મહત્ત્વને ચિહ્નિત કરશે. શિખર સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય શાક્યમુનિ બુદ્ધની શિક્ષાઓ પર ધ્યાન આપવાનો છે, જે સદીઓથી બુદ્ધ ધર્મના અભ્યાસથી સતત સમૃદ્ધ થતી રહી છે. વૈશ્વિક બૌદ્ધ શિખર સંમેલનની યજમાની અન્ય બૌદ્ધ દેશો સાથે પોતાના સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોને મજબૂત કરવામાં ભારતની વધુ મદદ કરશે. આ સંમેલન ભારતની સાંસ્કૃતિક કૂટનીતિના વિસ્તાર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.*

# રાજયપાલ થવા માટે અદાણીના ગગડતા શેર જેવા કપાળમાં કોઇ કંકુ ચોખા ચોડવા આવ્યું હતું???

કોઈ ખેતરમાં ખેડુતનું આખું કુટુંબ કામ કરતું હોય છે. ખેતર ખેડવા, વાવણી કરવા, નિંદામણ કરવું, ખાતર નાંખવું, આંતરખેડ કરવી, જંતુનાશક દવાનો છંટકાવ તરવો, પાણ આપવું, પાક તૈયાર થાય એટલે પાકની લણણી કરી ખળામાં મુકવો, ઘઉં હોય તો થ્રેસરની મદદથી ઘઉંની ડૂંડીઓમાંથી ઘઉં અને કૂચા છૂટા પાડવા, પાક તૈયાર થયે ઘરે લાવવો, પાકને ટ્રેકટરમાં એપીએમસીમાં લઇ જઇ પાકવું વેચાણ કરવું. ખેડુતની આ મુખ્ય પ્રવૃત્તિઓ છે. ખેડુતના કુટુંબના એક કે બે સભ્યોને ખેતીની પ્રકૃતિમાંથી ખસેડી લેવામાં આવે તો કૃષિ ઉત્પાદન કે ઉત્પાદકતામાં વધારો કે ઘટાડો થતો નથી. ટૂંકમાં હટાવેલા સભ્યોનું ઉત્પાદન કે ઉત્પાદકતા મૂલ્ય શૂન્ય છે!! અર્થશાસ્ત્રની ભાષામાં તેને પ્રચ્છન્ન બેરોજગારી કહેવામાં આવે છે!!

આવી જ દશા આપણે ત્યાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત નેક (નેક એટલે ગરદન સમજવું નહીં. પછી ભલે પ્રજાનો ઘોઘરો દબાવતા હોય!! (અત્રે નેક નામદાર એટલે હીઝ હાઈનેસ સમજવાનું . બીજી કોઇ ગરબડ ન કરવા તાકીદ છે. નહીંતર ઇડી, સીબીઆઈ ઈક્રમટેકસ કે બીજી એજન્સીને તમારા પર શિકારી કૂતરાંની માફક છોડવામાં આવશે તેની જવાબદારી તમારી રહેશે! કર્યા ભોગવવવાના છે, બોસસ!!) નામદાર મહામહિમ રાજયપાલ મહોદયની છે. ક્યાંક ફૂલ સાઈઝના રાજયપાલ હોય છે. ક્યાંક હાફ સાઈઝના એટલે લેફટનન્ટ ગર્વનર હોય છે. સાદી ભાષામાં રાજકારણમાંથી લગભગ પરીવારી ગયેલા કે પરવારું પરવારું થઇ રહેલા ખખડી ગયેલ લબાચાને રાજયકાલના નવા નામાભિધાન સાથે સહનશીલ પ્રજાના માથે મારવામાં આવે છે!!

દિલ્હી જેવા જેવા પૂર્ણકક્ષીનું રાજ્ય ન હોય ત્યાં ઉપ રાજયપાલો વહીવટમાં સરળતા કે સ્પીડ લાવવાના બદલે રોડા નાંખવા કે ટાંગ અડાડવા ઉપરથી મળેલ મેન્ડેન્ટ મુજબ મુખ્યમંત્રી સાથે બે બે હાથની ફાઈટીંગ કરે છે. પશ્ચિમ બંગાળમાં રાજયપાલ મુખ્યમંત્રી હોય તેમ સરકસના રીંગ માસ્ટરની જેમ સતાની ચાબુક અનધિકૃત વીંઝતા હોય છે. રાજયપાલ કચેરીમાં ફેકસ ચાલુ ન હોવાના ઉપજાવી કાઢેલા બહાના હેઠળ ચૂંટાયેલી મુફતી સરકારને ભીના કે કોરા કચરાની જેમ ઈતિહાસની કચરાપેટીને હવાલે કરેલ છે.

મહારાષ્ટ્રમાં રાજયપાલ સાહેબ અહર્નિશ બંધારણીય ફરજ બજાવવાના પ્રતિબધ્ધતાના ભાગરૂપે ગર્વન્મેન્ટ એટ મીડનાઇટ નહીં પરંતુ , ગર્વન્મેન્ટ અર્લી મોર્નિંગની રચના કરી હતી. રાષ્ટ્રપતિ પણ મહારાષ્ટ્રના રાજયપાલ ભર મધ્યરાત્રીએ સરકાર રચવા માટે જહાંગીર બાદશાહે પ્રજાજનો ન્યાય મેળવવા બાદશાહના મહેલમાં સંભળાય અને ગમે ત્યારે સંભળાય તેવો ઘંટ લગાડેલ હતો. તે ન્યાયે મહારાષ્ટ્રના રાજ્યકાલના ફેકસની પ્રતીક્ષા કરતા જાગતા હતા. લોકશાહીના સંરક્ષણ,સંવર્ધન અને સંગોપન માટે રાજયપાલની શતપ્રતિશત કટિબધ્ધતાની કદર કરવાની જગ્યાએ વક્ર દિમાગી વિરોધી ટીકા કરી રહ્યા છે!!જે નેતાને મુખ્યમંત્રીને ઉતાવળે ઉતાવળે ઉદ્વેગ ચોઘડિયે શપથ લેવડાવ્યા હતા તેમને ચલ અને અમૃત ચોઘડિયું હોવા છતાં નારાજીનામુ આપવું પડેલ . રાજયપાલ મહોદયે આવી નાલેશી અનાસક્ત ભાવે આત્મસાત કરેલી!!

કર્ણાટકમાં બહુમતીની ખાતરી કર્યા વગર અમુક નેતાને સરકાર રચવા રાજયપાલં પ્રેયસી પ્રિયતમને પ્રેમ કરવા ઈજન આપે તેમ ઈન્વિટૈશન આપેલ.અલબત,પછી બહુમતીના અભાવે મેરે શૈયાજીસે બ્રેકઅપ હો ગયા ગીત જેવી આપતિજનક હાલત થયેલી.,આવા તો અનેક ઉદાહરણ છે.

આઝાદી મળ્યા પછી જેટલી પણ રાજ્ય સરકારોનું પતન થયું એ માટે રાજયપાલે મોગેમ્બોની ભૂમિકા ભજવી છે. રાજયપાલે સરકાર તૈયાર કરેલ પ્રવચન, ભાષણ, અભિભાષણ,ઉદબોધન, વ્યાખ્યાન આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ એટલે રોબોટની જેમ વાંચી જવાનું હોય. પછી વિધાનસભા કે સંસદ ભાષણ પર આભાર પ્રસ્તાવ પણ પસાર કરે છે. આ ભાષણ તોફાન જોઇને રેતીમાં શાહમૃગ રેતીમાં માથું ખોસે તે પ્રકારનું હોય છે. પ્રજાના પ્રશ્નો સાથે લેવાદેવા હોતી નથી!!! તાનિલનાડુંના રાજયપાલે આઉટ ઓફ સિલેબલ્સ બકી નાંખ્યું. જેમાં તામિલનાડુના લોકનાયકોની બાદબાકી કરી અને સરકારે કોઇ નિર્ણય કર્યો ન હોવા છતાં તાનિલનાડુનું નામ બદલવાનું એલાન કરેલ. કેટલાય રાજયપાલ યુનિવર્સિટીના કામમાં ટાંગ અડાડે છે!!!

રાજયપાલ થવા માટે નોર્થ બ્લોકના ચપરાશી સુધ્ધાંને સાષ્ટાંગ દંડવત કરે કે ચાંપલુસી પછી પાંચ વરસ માટે ખંડેરનુમાના રિનોવેશનનો વર્ક ઓર્ડર મળે કે સુખ સગવડોમાં પોમેરિયનની જેમ લોટપોટ થાય. એક રાજયપાલનું અવસાન હેલિકોપ્ટર અકસ્માત થયેલું . ક્રેશ થયેલા હેલિકાપ્ટરમાંથી મોતી વેરાણા ચોકની જેમ ચાલીસ કરોડ રૂપિયા વેરાયા હેલિકોપ્ટરમાંથીની ઘટના થયેલી. એક વયોવૃદ્ધ -માત્ર છયાંશી વરસના રાજયપાલ પોર્ન સ્ટારની જેમ એડલ્ટ ફિલ્મો જેવા દ્રશ્યો ક્રિએટ કરેલા.

હમણા એક રાજયપાલે હોશિયારીની ફિશિયારી કરેલી કે શિવાજી ઓલ્ડ આઈકોન છે!!! અને માનો કે રાતોરાત તેમણે જેને આઈકોન ગણેલા તેના પૂતળા લાગી ગયા!!

રાજયપાલે પદની મુદત પૂરી થાય કે નામદાર રાજયપાલ " હાશ આઝાદ થયો. જેલમાંથી આઝાદ થયો. પક્ષીની જેમ ગગનમાં મુક્ત રીતે સ્વેચ્છાએ ઉડયન કરીશ" એવી સુફિયાણી બકવાસ બાત કરતે હૈ!!! અલ્યા ભાઈ, તને રાજયપાલ બનવા માટે કોઈએ લમણા પર ગન મુકેલી ?? અદાણીના ગગડતા શેર જેવા કપાળમાં કોઇ કંકુ ચોખા ચોડવા આવેલ?? ભાઇ તને રાજયપાલ બનવાની ખંજવાળ આવતી હતી. કેટલા પાપડ વણ્યા હતા. કેટલું પેટ્રોલ ગાળેલ. બીજું બધું જે કંઇ કરવું હોય પણ દંભ અને દોગળાપણું ન કરો. પ્રજા તમે માનો તેવી બુધ્ધુ નથી!!!

ભરત વૈષ્ણવ

૨૨.૪.૨૦૨૩.

## વિશ્વ પુસ્તક દિવસે




વાર્તાવિશ્વ-કલમનું ફલક'ના સર્જકો તેમનાં એકી સાથે સોળ પુસ્તકોનું ભવ્ય વિમોચન અમદાવાદ નવજીવન ટ્રસ્ટના જીતેન્દ્ર દેસાઈ હોલ ખાતે તારીખ ૨૩/૦૪/૨૦૨૩રવિવારના સવારે દસ વાગે કરવા જઈ રહ્યું છે. જેમાં શ્રીમતી દર્શના વ્યાસનો કાવ્યસંગ્રહ 'હું અને ગુલમોહર' તેમજ એકી સાથે સોળ પુસ્તકોનાં અઠ્ઠાવીસ સર્જકો દર્શના વિરલ વ્યાસ, સ્વાતિ મુકેશ શાહ ,નિમિષા મજમુંદાર, નિષ્ઠા વછરાજાની, વર્ષા અનિલ પટેલ, શૈલી કેતન પટેલ, રસિક દવે, ડૉ વિનોદ ગૌડ઼, શૈલેષ પંડ્યા નિશેષ, ઋતંભરા છાયા, અર્ચિતા દીપક પંડ્યા, અંજલિ દેસાઈ વોરા, કૌશિકા જીજ્ઞેશ દેસાઈ, જ્યોતિ જી. આચાર્ય, ગૌરાંગ ઉપેન્દ્રભાઈ ભટ્ટ,ભાવિકા ભાવેશ પટેલ,હિમાંશુ ભારતીય, મનિષા મયુર પટેલ, સેજલ સલિલ શાહ,ચિરાગ કે બક્ષી,ભૂમિ પંડ્યા

પદ્મજા પરિમલ વસાવડા, દીના વછરાજાની, પ્રફુલ્લા રશ્મિકાંત શાહ, વૃંદા પંડ્યા, લીના વછરાજાની,દીપક જગતાપ

આરતી સોનીના વાર્તા સંગ્રહો ગુજરાતી સાહિત્યનાં ચરણે સમર્પિત થશે.આ વિમોચન શ્રીતુષાર શુક્લ, શ્રીહર્ષદ ત્રિવેદી,શ્રીશ્યામલ મુન્શી, શ્રી સૌમિલ મુન્શી શ્રીમતી આરતી મુન્શીનાં વરદ હસ્તે થશે. આ અવસરે જાણીતા સાહિત્યકાર,સારસ્વતોની ખાસ ઉપસ્થિતી રહેશે.આ કાર્યક્રમ વાર્તાવિશ્વ કલમનું ફલક, તેના સર્જકો તેમજ પુસ્તકનાં સંપાદક શ્રીમતી દર્શના વ્યાસ અને વાર્તાવિશ્વના કાર્યક્રમમાં સૌજન્ય બની રહેલા મેધમણી ફાઈન કેમ. ઓ.પી.જી.ગ્રુપનાં ડાયરેકટર શ્રીધ્રુવ જોશી, ગુજરાતી બુક ક્લબ અને ડૉ.દશરથ પંડ્યાથી શક્ય બન્યું છે. આ પુસ્તકોનાં સર્જનમાં નેક્સસ પબ્લિકેશનનું મહત્વનું યોગદાન રહ્યું છે.



શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર.પરશુરામ યાત્રા,બ્રહ્મ ભોજન, મહા આરતી ,ડાયરા નું ભવ્ય આયોજન...સ્થાનિક રાજકીય અને સામાજિક નેતાઓ ઉપસ્થિત રહ્યા..ગાંધીનગર ઉત્તર ધારાસભ્ય રીટાબેન પટેલ,વેજલપુર ધારાસભ્ય અમિત ઠાકર. મેયર હિતેશ મકવાણા.ભાજપ શહેર પ્રમુખ રુચિર ભટ્ટ.સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ના પ્રમુખ પિનાકીન રાવલ,મહામંત્રી અનિલભાઈ શુક્લ,મહિલા પ્રમુખ ધારિણી બેન શુક્લ,કોંગ્રેસ અગ્રણી નીશીત વ્યાસ.પૂર્વ ગુડા ચેરમેન આશિષ ભટ્ટ. કોર્પોરેટર શ્રીઓ તેમજ ઘણી મોટી સંખ્યામાં સ્થાનિક બ્રહ્મ ભવન સાથે પાયાથી જોડાયેલ બ્રહ્મ પરિવાર ની મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સાંજે ચાર વાગે બ્રહ્મ ભવન થી પંચદેવ મંદિર,ખ રોડ થી મહાત્મા મંદિર.સરગાસણ ચોકડી યાત્રા પહોંચતા છાસ અને ઠંડી પાણી બોટલ આપવામાં આવ્યા..ત્યાંથી ઈન્ફોસીટી ચાર રસ્તા ઘ રોડ થઈ બ્રહ્મ ભવન યાત્રા પહોંચી હતી..ત્યારબાદ મહા આરતી અને રાત્રે અશ્વિન જોષી,અભેસિંહ રાઠોડ , ભારતી વ્યાસ ડાયરા ના મુખ્ય કલાકારો....

## ઉદ્ધવ ઠાકરેની જલગાંવ જિલ્લાના પચોરામાં સામાન્ય સભા છે:રેલીમાં ભારે ભીડ એકઠી થશે

મુંબઇ,તા.૨૨

આવતીકાલે (૨૩ એપ્રિલ, રવિવાર) જલગાંવ જિલ્લાના પચોરામાં ઉદ્ધવ ઠાકરેની એક મોટી જાહેર સભા યોજાવા જઈ રહી છે. આ માટે જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ તૈયારીઓની સમીક્ષા કરવા માટે સંજય રાઉત જલગાંવ પહોંચી ગયા છે. આવતીકાલે યોજાનારી રેલીની તૈયારીઓને લઈને અહીં પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. મીડિયા સાથેની આ વાતચીતમાં અજિત પવારને ભાવિ મુખ્યમંત્રી ગણાવવાના સવાલ પર તેમણે કહ્યું, 'અજિત પવારમાં મુખ્યમંત્રી બનવાની ક્ષમતા છે, હું તેમને શુભેચ્છા પાઠવું છું.'

સંજય રાઉતે દાવો કર્યો હતો કે આ રેલીમાં ભારે ભીડ એકઠી થશે અને ૨૦૨૪માં મહાવિકાસ અઘાડીની સરકાર આવશે. જ્યારે પત્રકારોએ પ્રશ્ન પૂછ્યો કે ૨૦૨૪માં મુખ્યમંત્રી કોણ હશે? અજિત પવારે ગઈકાલે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે હવે નાયબ મુખ્યપ્રધાન પદમાં કોઈ રસ નથી, તો શું આ વખતે અજિત પવાર મુખ્યપ્રધાન બનવાના ચાન્સ છે? તેના જવાબમાં સંજય રાઉતે કહ્યું કે, 'અજિત પવારમાં સીએમ બનવાની ક્ષમતા છે. અમારી શુભેચ્છાઓ તેની સાથે છે. પરંતુ આ સમયે મુખ્યમંત્રી પદનો મુદ્દો નથી. અમે અત્યારે વિપક્ષમાં છીએ.

જણાવી દઈએ કે જ્યારે સીએમ એકનાથ શિંદેએ બળવો કર્યો ત્યારે જલગાંવ જિલ્લાના પાંચેય ધારાસભ્યો શિંદે જૂથમાં ગયા હતા. હાલમાં એકનાથ શિંદેની શિવસેનાના નેતા ગુલાબ રાવ પાટીલ અહીંના પાલક મંત્રી છે. શિવસેનાના આ ગઢમાં ઉદ્ધવ ઠાકરેને મોટો ઝટકો લાગ્યો હતો.આવી સ્થિતિમાં ઉદ્ધવ ઠાકરે શિંદે જૂથ પર જોરદાર પ્રહાર કરે તે સ્વાભાવિક છે.જલગાંવના સંરક્ષક મંત્રી ગુલાબરાવ પાટીલને ગુલાબો કહીને કટાક્ષ કરતા સંજય રાઉતે કહ્યું, 'ગુલાબો ગેંગ નામની એક ફિલ્મ આવી હતી. જાણો છો ને? તેમણે કહ્યુ કે હિંમત હોય તો ઘુસો, અમે તો અહિં જ છીએ'ધારાસભ્ય કિશોર પાટીલે ગઈકાલની રેલી વિશે કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે દરેક સભામાં એક જ વાતનું પુનરાવર્તન કરે છે કે એકનાથ શિંદેએ તેમના પિતાને ચોરી લીધા, તેમની પાર્ટીની ચોરી કરી. જે પોતાના પિતાને નથી સંભાળી શક્યો તે મહારાષ્ટ્રને કેવી રીતે સંભાળશે? જ્યારે આ મુદ્દે પત્રકારો દ્વારા સવાલ કરવામાં આવ્યો ત્યારે સંજય રાઉતે કહ્યું, 'તેને માત્ર ટાઈટ રહીને બાઈટ આપતા જ આવડે છે'

ચડ્યો છે

પહેલી ધારનો તડકો પીધો છે,<br>
એનો નશો સૂરજને ચડયો છે.<br>
ગરમ હવાનું બાઈટીંગ કીધું છે,<br>
એનો લવારો પવનને ચડ્યો છે.<br>
કમળો થાય એને પીળિયો ચડે,<br>
અમને પીળો ગરમાળો ચડ્યો છે.<br>
ખેડુત બપોરા કરી બીડી ચેતાવે ને,<br>
બીડીના ધુમાડે તડકો કાળો થયો છે.<br>
કાચી કેરી ઠોલી કે અફવાઓ ઉડી.<br>
કેમ કરતા કોયલનો પગ ભારે થયો છે?<br>
ઉનાળો વાયરાને ચકરાવે ચડાવે,<br>
માળાધીન કાગડાએ વાયરો પીધો છે.

ભરત વૈષ્ણવ..૨૨.૪.૨૦૨૩

### શાઓમી ઈન્ડિયાને ઝટકો: હાઈકોર્ટના આદેશને પગલે રૂા.૫૫૫૧ કરોડની સંપતિ ઈડીએ જપ્ત કરી

બેંગ્લુરુ તા.૨૨

કર્ણાટક હાઈકોર્ટે ફેમા નિયમોના ઉલ્લંઘન કેસમાં શાઓમી ઈન્ડિયાના રૂા.૫૫૫૧.૨૭ કરોડ જપ્ત કરવાના આદેશને માન્ય રાખ્યો છે. એન્ફોર્સમેન્ટ ડાયરેકટરેટ (ઈડી)એ કંપનીના ખાતામાંથી આ રકમ જપ્ત કરી હતી. જેને સંબંધીત ઓથોરીટીએ માન્ય રાખી હતી. શાઓમીએ ઓથોરિટીના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો, પણ શુક્રવારે કર્ણાટક હાઈકોર્ટે કંપનીની અરજીને ફગાવી દીધી હતી.જજ એમ નાગપ્રસન્નાએ જણાવ્યું હતું કે, કંપનીના ખાતામાંથી જપ્ત કરાયેલી રકમ ફોરેન એકસચેંજ મેનેજમેન્ટ એકટની કલમ ૩૭ હેઠળ યોગ્ય છે. જો કે, શાઓમીને કલમ ૩૭એ (૫) હેઠળ ચુકાદાને એપેલેટ ટ્રીબ્યુનલમાં પડકારવાની છુટ આપી હતી. ઉલ્લેખનીય છે કે, ઈડીએ ૨૦૨૨માં ફેમા નિયમોના કથિથત ઉલ્લંઘન બદલ શાઓમીના ખાતામાંથી રૂા.૫૫૨૧.૨૭ કરોડ જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.કંપની પર રોયલ્ટીના નામે રકમ ભારત બહારની ત્રણ કંપનીઓ (અમેરિકાની બે અને ચીનની એક) ટ્રાન્સફર કરવાનો આરોપ મુકાયો હતો. કંપનીએ ચુકાદા સામે હાઈકોર્ટમાં અરજી કરી હતી, પણ કોર્ટે ફેમા હેઠળ સંબંધીત ઓથોરીટી સમક્ષ કેસ રજુ કરવાનો આદેશ આપ્યો હતો. ઓથોરીટીએ જપ્તીના ચુકાદાને માન્ય રાખ્યો હતો. શાઓમી ઓથોરિટીના નિર્ણયને પડકારવા ફરી કોર્ટમાં ગઈ હતી. તમામ દલીલો સાંભળ્યા પછી જજ એમ નાગપ્રસન્નાએ ૧૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ચુકાદો અનામત રાખ્યો હતો.

### મોબાઈલ ડેટાથી પકડાયો ૧૦ મર્ડરનો આરોપી બોક્સર:

## અમેરિકા પહોંચી ગયો હોત તો બચી ગયો હોત; તે પોતાની જ ભૂલમાં આ રીતે ફસાઈ ગયો

સોનીપત,તા.૨૨

હરિયાણાના સોનેપત જિલ્લાના ગણોર ગામનો દીપક માત્ર ૧૫ વર્ષની ઉંમરે બોક્સિંગની ૫૭ કિગ્રા કેટેગરીમાં જુનિયર નેશનલ ચેમ્પિયન બન્યો હતો. દીપકના પરિવારના સભ્યો, મિત્રો અને કોચ બધાએ વિચાર્યું કે તે ઓલિમ્પિકમાં ગોલ્ડ લાવશે. આ દીપક પાછળથી ગોગી ગેંગનો માસ્ટરમાઈન્ડ દીપક બોક્સર બન્યો. તેના પર ૧૦ હત્યાનો આરોપ છે. આ ગેંગસ્ટરને પકડવા માટે દિલ્હી પોલીસે ૮ મહિના સુધી ઓપરેશન ચલાવ્યું હતું. એફબીઆઇ ઇન્ટરપોલ અને મેક્સિકન પોલીસ સહિતની ૧૦ એજન્સીઓએ મળીને તેને ૨૪ માર્ચે મેક્સિકોમાં પકડ્યો હતો. ત્યારબાદ ૫ એપ્રિલે તેને ભારત લાવવામાં આવ્યો હતો. દીપક ભારતીય એજન્સીઓથી બચવા માટે અમેરિકા જવાનો પ્રયાસ કરી રહ્યો હતો.દીપક વિરુદ્ધ ખંડણી, હત્યા, અપહરણના ૧૦ કેસ નોંધાયેલા છે. ત્રણ રાજ્યોની પોલીસે તેના પર ૫ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું હતું. ૧૫ એપ્રિલે પટિયાલા હાઉસ કોર્ટે દીપકને ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો હતો.મેક્સિકોમાં તેની ધરપકડ બાદ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ ટીમ દીપક બોક્સરને લઈને દિલ્હી આવી હતી. દીપક મેક્સિકો પહોંચ્યાના ૫૪ દિવસ બાદ પકડાયો હતો.

દીપક બોક્સરે ભારતમાંથી ભાગી જવા માટે મુરાદાબાદના રહેવાસી રવિ અંતિલના નામે નકલી પાસપોર્ટ બનાવ્યો હતો. તેનો પાસપોર્ટ ૧૯ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. તે પહેલા કોલકાતા ગયો, ૯ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ત્યાંથી નીકળ્યો અને ૨૯ જાન્યુઆરીએ 'ડોક્રી રૂટ' એટલે કે ગેરકાયદેસર રીતે મેક્સિકો પહોંચ્યો. દીપક બોક્સરનો નકલી પાસપોર્ટ, જે તેણે અંતિલના નામે બનાવ્યો હતો. આ પાસપોર્ટ યુપીના બરેલીથી બનાવવામાં આવ્યો હતો. સુરક્ષા એજન્સીઓથી બચવા માટે મેક્સિકોના મોબાઈલ નંબરનો ઉપયોગ કરી રહ્યો હતો. તેણે આ નંબર એક વ્યક્તિના અસલ આઈડી પર લીધો હતો, પરંતુ તે ફોનમાંથી ભારતીય સિમ કાઢવાનું ભૂલી ગયો હતો. તેણે ભારતીય સિમના ડેટાનો ઉપયોગ કર્યો અને આ ભૂલ તેને મોંઘી પડી.સ્પેશિયલ સેલના અધિકારીએ જણાવ્યું કે દીપક બોક્સર ૧૦ લોકોના સમૂહ સાથે ગેરકાયદેસર રીતે મેક્સિકોમાં પ્રવેશ્યો હતો. ત્યાં તેને ખબર પડી કે તેનો પિતરાઈ ભાઈ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે પકડ્યો છે. આ પછી દીપક બોક્સર લખવિંદર નામના વ્યક્તિ સાથે ગ્રુપથી અલગ થઈ ગયો. મેક્સિકો જતા સમયે લખવિંદરે ભારતમાં આંતરરાષ્ટ્રીય રોમિંગ ડેટા પેકેજનો લાભ લીધો હતો. ત્યાં તે ભારતીય મોબાઈલ નંબર ચલાવતો હતો. દરમિયાન, દીપકે લખવિંદરને તેના નંબર સાથે હોટ-સ્પોટ શેર કર્યો. ભારતીય ઈન્ટરનેટનો ઉપયોગ કરવાથી વિશેષ સેલને તેનું ચોક્કસ સ્થાન મળ્યું.ટ્રાફિકિંગ નેટવર્ક જેમાં દીપક બોક્સરે મદદ લીધી હતી તેમાં પોલીસના બાતમીદારો હતા. જ્યારે તેના સ્થાનની પુષ્ટિ થઈ, ત્યારે સ્થાનિક અધિકારીઓને જાણ કરવામાં આવી. દિલ્હી પોલીસે અમેરિકી તપાસ એજન્સી એફબીઆઈનો પણ સંપર્ક કર્યો. એફબીઆઈની મદદથી મેક્સિકન પોલીસે દીપકની ધરપકડ કરી.

જ્યારે પકડાયો ત્યારે દીપકે પોતાની ઓળખ રવિ તરીકે આપી હતી. તેનો પાસપોર્ટ પણ અસલી હતો, પરંતુ દિલ્હી પોલીસ પાસે દીપકના ફિંગરપ્રિન્ટ્સ હતા. કેન્દ્રીય ગૃહ મંત્રાલયની પરવાનગીથી પુરાવા સાથે એક ટીમ મેક્સિકો મોકલવામાં આવી અને દીપક બોક્સરને પરત લાવી શકાય.દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના અધિકારીએ જણાવ્યું કે દીપક બોક્સરને છેલ્લા ૮ મહિનાથી ટ્રેક કરવામાં આવી રહ્યો હતો. દીપકની સંપૂર્ણ પ્રોફાઇલ અને ડોઝિયર તૈયાર કરવામાં આવ્યું હતું. તેની ગેંગમાં કોણ છે, ગોરખધંધાઓ ક્યાં ચાલે છે, દીપક ક્યાંથી કામ કરે છે, અમે એક પછી એક તેના ઠેકાણાઓ પર દરોડા પાડવાનું શરૂ કર્યું. પોલીસ અને દીપક વચ્ચે બિલાડી અને ઉંદરની રમત ચાલુ રહી.

## યોગીના મંત્રીનો આરોપ કહ્યું- અતીક અહેમદની હત્યા વિપક્ષો કરાવી

લખનૌ,તા.૨૨

અતીક અહેમદ અને અશરફની હત્યામાં ભાજપના નેતા ધર્મપાલ સિંહે વિપક્ષ પર મોટો આરોપ લગાવ્યો છે.ધરમપાલ સિંહે શનિવારે કહ્યું હતું કે અતીક અહેમદની હત્યા વિપક્ષ દ્વારા કરવામાં આવી છે, કારણ કે અતીક દ્વારા વિપક્ષના ઘણા રહસ્યો ખુલવાના હતા. આથી તેણે અતીકની હત્યા કરાવી હતી. ગયા શનિવારે અતીક અહેમદ અને અશરફને મેડિકલ માટે લઈ જવામાં આવતા ત્રણ હુમલાખોરોએ ગોળી મારી દીધી હતી.યોગી સરકારના મંત્રી ધરમપાલ સિંહ શનિવારે ચંદૌસીમાં હતા.

NEWS OF GANDHINAGAR_P-2

# મહુવાના ઈનોવેટિવ શિક્ષક દંપતી શીતલબેન ભટ્ટી અને રમેશભાઈ બારડ દ્વારા બનાવેલ એજ્યુકેશનલ ટુલ્સ નું પ્રદર્શન યોજાયું



શ્રી મહુવા તાલુકા પંચાયત શિક્ષક શરાફી સહકારી મંડળી ના સભાસદોની વાર્ષિક કારોબારી સાધારણ સભા મહુવા શહેરના સુપ્રસિધ્ધ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના સભા ગૃહમાં યોજાયેલ. આ પ્રસંગે સાધારણ સભાના સ્થળે મહુવા તાલુકાના શિક્ષણમાં નાવિન્ય પ્રયોગો દ્વારા મહુવાનું નામ જિલ્લાકક્ષાએ અને રાજ્યકક્ષાએ ગુંજતું કરેલ છે તેવા ઈનોવેટિવ શિક્ષક દંપતી રમેશભાઈ બારડ અને શીતલબેન ભટ્ટી દ્વારા બનાવેલ એજ્યુકેશનલ ટુલ્સ નું પ્રદર્શન યોજાયું હતું. સાધારણ સભામાં ઉપસ્થિત તમામ શિક્ષકોએ જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેરમાં અને રાજ્યકક્ષાના રમકડાં મેળામાં પ્રસ્તુત થયેલા એજ્યુકેશનલ ટુલ્સ જોયા અને સમજ્યા હતાં. આ પ્રસંગે મોમાઈ ઈન્વેસ્ટમેન્ટના નિલેશભાઈ તલાટીએ તમામ શિક્ષકોને સ્વરૂચી ભોજનની વ્યવસ્થા કરેલ હતી. શિક્ષક શરાફી સહકારી મંડળીના પ્રમુખ સંજયભાઈ રાઠોડ એ અને હાજર રહેલા સૌ સારસ્વતોએ આ શિક્ષણનાં અદ્ભુત પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

# ન્યુઝીલેન્ડમાં ચૂંટણીઃ૩ મહિનામાં જ ૨૮ દુકાનમાં લૂંટફાટ, ભારતીયો દુકાન બંધ કરવા મજબૂર

ઓકલેન્ડ,તા.૨૨

ન્યૂઝીલૅન્ડમાં આ વર્ષે ચૂંટણી યોજાવાની છે અને એટલે શાસક લેબર પાર્ટી અને વિપક્ષ નેશનલ પાર્ટી વચ્ચે ગુનાખોરીના મુદ્દે આક્ષેપ-પ્રતિ આક્ષેપની રાજનીતિ ચાલી રહી છે. વિપક્ષનું કહેવું છે કે ગુનાખોરીનો આંક વધી રહ્યો છે. લેબરના શાસનમાં ગુનાખોરીના જડમૂળ પર ઘા કરાયો હોવાનો વડા પ્રધાન ક્રિસ હિપકિંસે દાવો કર્યો છે. જોકે હુમલાની ઘટનાઓને પગલે ન્યૂઝીલૅન્ડનાં વિવિધ શહેરોમાં વસેલા ભારતીય દુકાનદારોમાં ફફડાટ ફેલાયો છે. એક જ દુકાન ૧૨ વખત લૂંટાયાની ઘટના ગુનાખોરીની ગંભીરતા દર્શાવે છે. ગત વર્ષે ૭૮ દુકાનમાં લૂંટફાટ થઈ હતી. અને આ વર્ષે માત્ર ૩ મહિનામાં જ લૂંટફાટની ૨૮ ઘટના નોંધાઈ છે. જાન્યુઆરી, ૨૦૧૮માં ૨૨૨ લોકો લૂંટાયા હાતા અને આ વર્ષે જાન્યુઆરીમાં એ આંકડો વધીને ૩૬૯ પર પહોંચ્યો છે. ખાસ કરીને વાયકેટો વિસ્તારમાં ગત વર્ષે લૂંટફાટની ૩૨૨ ઘટના બહાર આવી હતી. પોલીસે ગત વર્ષે ૬૦૦ કિસ્સામાં ૫૫ આરોપીને ઝડપી લીધા હતા પરંતુ સગીર હોવાને કારણે તમામ બચી ગયા. દુકાનોમાં લૂંટફાટની સતત વધી રહેલી ઘટનાઓને પગલે લગભગ ૧૪ વર્ષ જૂના ૨ કરિયાણા સ્ટોરના માલિકોએ દુકાન બંધ કરવાનો નિર્ણય લીધો અને વધુ ૨ દુકાનની બહાર ‘વેચવાની છે’નું બોર્ડ લાગી ગયું છે.ક્રાઈમ પ્રીવેન્શન ગ્રુપના અધ્યક્ષ અને ડેરી બિઝનેસ ઓનર ગ્રુપના ચૅરમૅન સન્ની કૌશલે કથળેલા કાયદો અને વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

તેમણે કહ્યું કે ગુનાખોરી આચરતાં જૂથો વધી ગયાં છે. ઑકલૅન્ડ, હેમિલ્ટન કે ક્રાઈસ્ટ ચર્ચ જેવાં મોટાં શહેરોમાં જ નહીં સમગ્ર દેશમાં આવું ભયનું વાતાવરણ છે. સમગ્ર દેશમાં વિતેલા ૨૭૨ દિવસની વાત કરીએ તો રોજ ચોરીના ૧૮ કેસ સામે આવ્યા છે. પલેબર પાર્ટીની સરકારમાં જેલોમાં કેદીઓની સંખ્યા ૩૦ ટકા ઘટાડવાની નીતિનો અમે વિરોધ નથી કરતા પરંતુ ગુનાખોરીનો દર પણ ૩૦ ટકા ઘટવો જોઈએ.

### પાટણ શહેરમાં ભક્તિ

# સભર માહોલમાં ભક્તોના ઘોડાપૂર વચ્ચે ભગવાન પરશુરામજીની ની રથયાત્રા નીકળી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ શહેરના જગન્નાથ ભગવાનના મંદિર પરિસર ખાતે સ્થાપિત કરાયેલા ભગવાન શ્રી પરશુરામજી ની શનિવારના પવિત્ર દિવસે જન્મ જયંતી મહોત્સવ ને અનુલક્ષીને પાટણ શહેર માંથી શ્રી પરશુરામ ભગવાનની રથયાત્રાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



રથયાત્રા પૂર્વે ભગવાન શ્રી પરશુરામજી ની આરતી ની ઉછામણી બોલવામાં આવી હતી. જેના યજમાન તરીકે નિલેશભાઈ રાજગોરે લ્હાવો લઈ ભગવાન પરશુરામજી ની આરતી ઉતારી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા જિલ્લા પોલીસ વડા વિજય પટેલ, પાટણના જાણીતા બિલ્ડર બેબાભાઈ શેઠ, પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ભાજપ અગ્રણી મનોજભાઈ પટેલ, મોહનભાઈ પટેલ, હેમંતભાઈ તન્ના, કિશોરભાઈ મહેશ્વરી, ભરતભાઈ ભાટીયા, યશપાલ સ્વામી સહિતના રાજકીય અને સામાજિક આગેવાનોએ ભગવાન શ્રી પરશુરામજી ની રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે પરશુરામ ભગવાન જન્મ જયંતી મહોત્સવ સમિતિના કન્વીનર અને પાટણ જગન્નાથ મંદિર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ગુજરાત બ્રહ્મ સમાજના પાટણ જિલ્લા પ્રમુખ પિયુષભાઈ આચાર્ય સહિત જગદીશ મંદિર ટ્રસ્ટ પરિવાર અને પરશુરામ ભગવાન જન્મ જયંતિ મહોત્સવ સમિતિ

ના આગેવાનો દ્વારા તમામ મહાનુભાવોનું ભગવાન પરશુરામજી ની પ્રતિમા અને પુષ્પમાળા પહેરાવી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી જગન્નાથ મંદિર પરિસર ખાતેથી જવાહર બેન્ડના ભક્તિ સભર સુરો અને ડીજેના તાલ વચ્ચે પ્રસ્થાન પામેલી ભગવાન પરશુરામજીની રથયાત્રાનું ઠેર ઠેર પાટણના ધર્મ પ્રેમી નગરજનો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. તો પાટણ શહેર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પણ હિંગળાચાચર ચોકમાં ભગવાન પરશુરામજી ની રથયાત્રાનું ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

આ રથયાત્રામાં પાંચ બગી, બે ઘોડે સવાર, ૬ ઊંટ સહિત બ્રહ્માકુમારી પરિવાર, ગાયત્રી મંદિર પરિવાર, બાપા સીતારામ પરિવાર, જલારામ મંદિર, વી એમ દવે હાઈસ્કુલ, પટણી સમાજ ના યુવાનોની રાક્ષસીટોળી સહિત ૧૧ જેટલી વિવિધ સેવાકીય, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના ટેબલો જોડાયા હતા.

તો નાના બાળકોએ સ્કેટિંગ રાસ કરી હિંગળાચાચર ખાતે અનોખું આકર્ષણ ઊભું કર્યું હતું.

રથયાત્રાના દર્શનાર્થે પધારેલા તમામ દર્શનાથીઓને સુંદર મજાની કાજુ, બદામ, સિંગદાણા, સાકર અને સુકી ખજૂર ના પ્રસાદની વ્યવસ્થા પણ રથયાત્રા સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

રથયાત્રાના માર્ગો પર ઠેર ઠેર સેવાકીય સંસ્થાઓ દ્વારા ઠંડા પાણી, શરબત, ઠંડી છાશ જેવા સેવાકીય કેમ્પો પણ કાર્યરત બનાવવામાં આવ્યા હતા.

ભગવાન પરશુરામજી ની રથયાત્રા જગન્નાથ મંદિર પરિસર ખાતેથી પ્રસ્થાન પામી શહેરના હિંગળા

ચાચર, ચતુર્ભુજ બાગ, જૂના ગંજ બજાર, પુનઃ હિંગળાચાચર થઈ મેઈન બજાર, ધીમટા નાકે થઈ અંબાજી મંદિર થી પુનઃ જગદીશ ભગવાનના મંદિર પરિસર ખાતે સંપન્ન બની હતી.જ્યાં રથયાત્રાનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ રથયાત્રામાં જોડાયેલા તમામ ભક્તોએ સમૂહમાં ભગવાન પરશુરામજીનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

પાટણ શહેરમાં નીકળેલી ભવ્યાતી ભવ્ય ભગવાન શ્રી પરશુરામજી ની રથયાત્રાને સાગોપાગ સફળ બનાવવા જિલ્લા પોલીસવડાના આદેશથી પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને રાજમાર્ગો પર ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવતા ભગવાન પરશુરામજી ની રથયાત્રા દીપી ઉઠી હતી. ભગવાન શ્રી પરશુરામજી ની જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે નીકળેલી રથયાત્રાને સફળ બનાવવા રથયાત્રા સમિતિના કન્વીનર પિયુષભાઈ આચાર્ય સહિત જગદીશ મંદિર પરિસરના ટ્રસ્ટી મંડળ, રથયાત્રા સમિતિના કાર્યકરો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા બ્રહ્મ સમાજ સહિત અઢારે વરણના લોકોએ ભારે જહેમત ઉઠાવી ભગવાન શ્રી પરશુરામજી ની રથયાત્રાને યાદગાર બનાવી હતી.

# ફોટો ગેલેરી




# પ્રેમલગ્ન કરનાર યુવતીની ફૅમિલીએ યુવકની માતાને જીવતી સળગાવી

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં કચ્છના નખત્રાણા તાલુકામાં પ્રેમલગ્નનો કરુણ અંજામ આવ્યો છે. વીજપાસાર ગામની અરેરાટી ઉપજાવે એવી ઘટનામાં પ્રેમલગ્ન કરનાર યુવતીની ફૅમિલીએ યુવકની માતાને જીવતી સળગાવી દીધી હતી. ગુરુવારે બનેલી આ કમકમાટી ઉપજાવે એવી ઘટનામાં યુવતીની માતા અને દાદીએ યુવકની માતા પર કેરોસીન અને પેટ્રોલ છાંટીને દિવાસળી ચાંપી હતી, જેના કારણે ગંભીર રીતે દાઝી ગયેલી યુવકની માતાનું હૉસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. નખત્રાણા તાલુકાના વીજપાસાર ગામે રહેતા હેમંત માધડે રિદ્ધિ શેખા સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. પ્રેમલગ્ન કરનાર કપલ પોલીસ-સ્ટેશન ગયું અને બીજી તરફ યુવતીની ફૅમિલીએ યુવકના ઘરે જઈને ગંભીર કૃત્ય આચર્યું હતું. આ ઘટનામાં અંજના માધડે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. એમાં જણાવ્યું હતું કે ‘ગુરુવારે ઘરે અમે દાદા સસરા મેઘજીભાઈ, દાદી સાસુ લક્ષ્મીબહેન, સાસુ રાધાબહેન સાથે હાજર હતાં. થોડા દિવસ પહેલાં મારા દિયર હેમંતે અમારી બાજુમાં રહેતી રિદ્ધિ શેખા સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં અને તેઓ નખત્રાણા પોલીસ-સ્ટેશનમાં જવાબ લખાવવા ગયા હતા. એ દરમ્યાન સાંજે ચાર વાગ્યાના સુમારે રતન કાનજી શેખા, તેમની દીકરી જયશ્રી તેમ જ એક બીજી દીકરી, નર્મદા શેખા, તેમનો દીકરો હાર્દિક તથા તેમની દીકરી જાનવી અને જાગૃતિ તથા તેમના સંબંધીઓ હેતલ રૂપાણી, કરણ રૂપાણી, મંગેશ રૂપાણી તથા પંકજ રૂપાણી તથા બીજાં ત્રણ-ચાર જેટલાં સ્ત્રી-પુરુષો હતાં.

# અખાત્રીજ નિમિત્તે ચાણસ્મા શહેર સહિત ગ્રામીણ પંથકના ખેડૂતોએ પૂર્વ પશ્ચિમ ખેડ કરી પ્રથમ ચાશ પાડીને ખેતીનું મુહૂર્ત સાચવ્યું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો



સરકારી વહીવટમાં માર્ચ મહિનો તે નાણાકીય વર્ષનો અંતિમ મહિનો ગણાય છે તેમ ખેડૂતો માટે અખાત્રીજ એ હેતુલક્ષી અન્ય વહીવટી માટે અખાત્રીજ તે મહત્વનું દિવસ ગણાય છે તેમ જગતના તાતએવા ખેડૂતો માટે અખાત્રીજ એ મહાપર્વ અને ઉત્તમ દિવસ ગણાય છે અખાત્રીજના દિવસે પ્રારંભે સારા મુરતમાં જે પ્રમાણે મુરત મુરત નક્કી કરાયું હોય તે પ્રમાણે ખેડૂત પોતાના ખેતરમાં જઈને પ્રથમ પૂર્વ પશ્ચિમ ખેડ કરીને ખેતીના શ્રી ગણેશ કરી શુભ મુહૂર્ત હળોતરા પર્વની ઉજવણી કરે છે જે અનુસંધાને ચાણસ્મા શહેર સહિત ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો દ્વારા અખાત્રીજના સવારે સારા મૂરતમાં કોઈ ખેડૂત ટ્રેક્ટર મારફતે અને ટ્રેક્ટર નું પૂજન કરીને તો કોઈ ખેડૂત પોતાના પરિવારની સૌભાગ્યવતી મહિલા પાસે ધરતી માતાનું પૂજન કરાવીને દિશામાં પોતાના ખેતરે જઈને પૂર્વ પશ્ચિમ પ્રથમ ખેડ કરી પાંચ પ્રકાર ના અનાજ પેરણી કરીને ખેતીનો શુભ મુહૂર્ત સાચવી અખાત્રીજની ઉજવણી કરાઈ હતી કેમ સરકારી વિભાગો કે બેંકોમાં માર્ચ મહિનો તે નાણાકીય હિસાબનો મહત્વનો મહિનો ગણવામાં આવે છે તે જ રીતે ખેડૂતોમાં અખાત્રીજ ના દિવસે ખેતીના કામ માટે નવા સાથી ભાજીયા રાખવા ખેતીલક્ષી તમામ વ્યવહારો ખાતરીજ ના વાયદા પ્રમાણે કરાતા હતા અને આજે પણ ખેડૂતોમાં તે પરંપરા જળવાઈ રહી છે જ્યારે ચાણસ્મા ના ખેડુત ઉમેશભાઈ પટેલે જણાવ્યું કે વર્ષાથી ચાલી આવતી અખાત્રીજ ના દિવસે સારા મુહૂર્ત પ્રમાણે હળોતરા પર્વની ઉજવણી કરવામાં આવે છે તે આજે પણ તેજ પ્રમાણે ચાલુ રહી છે.

# પરશુરામ પાર્ક ટાવર પાસે હિંમતનગર મા ભગવાન પરશુરામ નો જન્મ મહોત્સવ ઉજવવામા આવ્યો

પૂર્વ ભાજપ પ્રદેશ સંગઠનમંત્રી અતુલભાઈ દીક્ષિત ગુજરાત રાજ્યકક્ષા પ્રદેશ ઉપાધ્યક્ષ પ્રફુલભાઈ વ્યાસ, પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલભાઈ દીક્ષિત, જિલ્લા બ્રહ્મ સમાજ પ્રમુખ મનોજકુમાર, શહેર પ્રમુખ મુકેશભાઈ જાની શહેર મહામંત્રી જયંતભાઈ જોશી, યુવા પ્રમુખ હર્ષેલ રાવલ ની આગેવાની હેઠળ ખુબ સરસ મજાનો કાર્યક્રમ યોજાયો. જેમા માનનીય કલેક્ટર શ્રી દવે સાહેબ, માનનીય ધારાસભ્ય શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, મા. પ્રમુખ શ્રી નગરપાલિકા યતીનબેન મોદી, માનનીય



ચેરમેન શ્રી ,મા. ભાજપ જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા,મા. હિંમતનગર નાગરિક બેંક ચેરમેન હિરેન ગોર વિગેરે મહાનુભાવો એ ઉપસ્થિત રહી ભગવાન પરશુરામ ની પૂજન આરતી કરી. પીતાંબર ધારી બ્રહ્મબંધુઓ મોટી સંખ્યામાં આવ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના નલીનભાઈ, હિતેશભાઈ, નગરપાલિકાના કોર્પોરેટરો તથા હિંમતનગરના નાગરિકોએ પૂજન અને આરતીમાં ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને ખૂબ આનંદ ઉલ્લાસથી જન્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૩૫ અને ચાંદીમાં રૂ.૧,૪૨૬નો કડાકોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૫૨ લપસ્યો

**વિકલી માર્કેટ રિપોર્ટ**

**નેચરલ ગેસમાં સુધારોઃ કોટન-ખાંડી વાયદો રૂ.૬૪૦ અને કપાસનો વાયદો રૂ.૧૩.૫૦ નરમઃ મેન્થા તેલ પણ ઢીલુઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૧૦,૩૨૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨,૪૯,૪૦૫ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૯૮ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૪થી ૨૦ એપ્રિલ સુધીના સપ્તાહ દરમિયાન ૫૧,૨૮,૧૩૪ સોદાઓમાં કુલ રૂ.૩,૬૦,૦૩૦.૫૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૧૦,૩૨૭.૮૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૪૯૪૦૫.૧૮ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૪૩,૧૪૭ સોદાઓમાં રૂ.૭૦,૦૯૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૦૩૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૧૭૦ અને નીચામાં રૂ.૫૯,૬૫૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૩૫ ઘટી રૂ.૬૦,૫૦૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૫૫ ઘટી રૂ.૪૮,૨૦૯ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૬,૦૩૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૮ ઘટી રૂ.૬૦,૩૮૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૭,૧૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૭,૫૪૯ અને નીચામાં રૂ.૭૩,૯૦૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૪૨૬ ઘટી રૂ.૭૫,૫૦૧ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૩૦ ઘટી રૂ.૭૫,૨૪૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૩૭ ઘટી રૂ.૭૫,૨૪૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૯૯,૭૭૨ સોદાઓમાં રૂ.૧૨,૧૧૪.૧૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ એપ્રિલ વાયદો રૂ.૭૮૮.૪૫ના ભાવે ખૂલી, રૂ.૨૨.૧૫ ઘટી રૂ.૭૬૬.૧૦ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪.૬૫ વધી રૂ.૨૧૨.૯૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪.૯૫ ઘટી રૂ.૨૪૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૬૫ વધી રૂ.૨૧૩.૦૫ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૩.૩૦ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૪.૯૫ ઘટી રૂ.૨૪૬.૧૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૭,૯૧,૯૦૦ સોદાઓમાં રૂ.૨૭,૯૮૨.૧૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૭૨૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૯૬ અને નીચામાં રૂ.૬,૩૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૫૨ ઘટી રૂ.૬,૩૮૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૩૪૭ ઘટી રૂ.૬,૩૮૭ બંધ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬૫ના ભાવે ખૂલી, રૂ.૨૦ વધી રૂ.૧૮૫.૨૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૧૯.૭ વધી ૧૮૫.૨ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે રૂ.૧૩૬.૯૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧,૬૦૦ અને નીચામાં રૂ.૧,૫૫૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૪ ઘટી રૂ.૧,૫૫૨ થયો હતો. કોટન ખાંડી એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૯૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૩૮૦ અને નીચામાં રૂ.૬૨,૨૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૪૦ ઘટી રૂ.૬૨,૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૩.૯૦ ઘટી રૂ.૯૬૩.૨૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૭,૪૩૩.૩૭ કરોડનાં ૪૫,૪૭૪.૬૭૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૨,૬૬૧.૨૬ કરોડનાં ૫,૬૪૦.૬૯૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯,૮૮૨.૫૧ કરોડનાં ૧૪,૯૭૦,૧૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૮,૦૯૯.૬૩ કરોડનાં ૯૭૦,૧૮૫,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૯૮૦.૯૧ કરોડનાં ૯૩,૧૯૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૦૮.૬૫ કરોડનાં ૨૭,૭૬૭ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬,૬૯૦.૯૪ કરોડનાં ૮૫,૮૫૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૯૩૩.૬૮ કરોડનાં ૧૧૭,૦૯૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૦૩.૯૩ કરોડનાં ૧૬,૩૬૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩૨.૯૩ કરોડનાં ૩૩૪.૮ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૫૨૮.૧૪૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૫૭.૬૩૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૪૦૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૫,૬૬૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૪૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૯૩૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭૦૦,૩૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪૫,૫૫૭,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૭,૩૭૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૨૨.૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૯૭.૫૧ કરોડનાં ૩૬૦૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૩૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૬,૭૨૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૭૭૮ અને નીચામાં ૧૬,૨૯૦ બોલાઈ, ૪૮૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૩૪ પોઈન્ટ ઘટી ૧૬,૫૧૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૪૯૪૦૫.૧૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૨૫૧.૨૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯૩૨૬.૮૪ કરોડનાં કામ થયાં હતાં.

NEWS OF GANDHINAGAR_P-3

NEWS OF GANDHINAGAR_P-4







આજરોજ ખાડિયા દેસાઈ ની પોળ ખાતે અખાભગત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અખાભગત જન્મ જંયતિ ની ઉજવણી કરવામા આવી હતી જેમા અખાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ના ટ્રસ્ટી મૈત્રી પાસાવાલા દ્વારા આઈસક્રીમ વહેચી અખાભગત જીવન પરિચય તેમજ તેમના લખેલા કાવ્યો નુ પઠન કરી ઉજવણી કરવા મા આવી હતી આ કાર્યક્રમ મા સ્થાનિક લોકો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા.

# સાંસદસભ્ય રમેશભાઈ ધડુકે વંથલી તાલુકાનો પ્રવાસ કર્યો



સંસદસભ્ય રમેશભાઈ ધડુક દ્વારા તેમની આગવી પદ્ધતિ મુજબ આજરોજ એક જ દિવસમાં વંથલી તાલુકાના વિવિધ ૧૭ ગામોમાં જાતે લોકસંપર્ક કરીને લોકસંવાદ પ્રકારના કાર્યક્રમો ગામેગામ યોજવામાં આવ્યા, જેમાં ચૂંટાયેલા પ્રતિનિધિ અને અન્ય આગેવાનો તેમજ તાલુકા વહીવટી તંત્ર અને વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને સાથે રાખીને અને લગત વિભાગોની કામગીરી સમીક્ષા કરી અને પ્રજાની પડતર માગણીઓ અને પ્રશ્નો રૂબરૂ સાંભળ્યા અને આ પ્રશ્નોના સ્થળ ઉપર નિકાલ કર્યા અને જરૂરિયાતવાળા કામો માટે સ્થળ ઉપર જ પોતાના સાંસદ ફંડમાંથી લાખો રૂપિયા ફાળવણીના પ્રજાલક્ષી નિર્ણય લઈને અને પ્રજાની સમસ્યાઓનું સફળતાપૂર્વક નિરાકરણ લઈને લોકાભિમુખ, પારદર્શક અને સંવેદનશીલ સરકારનું જીવંત ઉદાહરણ પૂરું પાડેલ છે.

આ તકે પ્રજાલક્ષી સેવામાં તેમની સાથે ખભેખભો મિલાવીને જિલ્લા પંચાયત, જૂનાગઢના પ્રમુખશ્રીના પ્રતિનિધિ અને સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારિયાએ કાર્યક્રમોનું કુશળ સંચાલન અને પરિણામલક્ષી કામગીરી કરેલ છે. સાથોસાથ, તાલુકા પંચાયત, વંથલીના પ્રમુખશ્રી કેશુરભાઈ મૈતર, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી મુકેશભાઈ કણસાગરા અને અરજણભાઈ દિવરાણીયા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખશ્રીના પ્રતિનિધિશ્રી મનોજભાઈ હુંમર સહિતના પદાધિકારીશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને વહીવટીતંત્રના વિવિધ વિભાગો પૈકી પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારી શ્રી દેવેન્દ્ર પ્રકાશ મીના સાહેબ (હાલ TDO, વંથલી), શ્રી હિતેષ વાઘેલા સાહેબ - TDO, મામલતદાર શ્રી જાડેજા સાહેબ, પાણી પુરવઠા વિભાગ, પંચાયત/સ્ટેટ માર્ગ અને મકાન વિભાગ, પંચાયત/સ્ટેટસિંચાઈ વિભાગ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પીજીવીસીએલ, શાપુર/વંથલી પશુપાલન અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, તાલુકા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિનિધિ, સી.ડી.પી.ઓ.શ્રી, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ એસ.ટી વિભાગના અધિકારીશ્રી, પોલીસ વિભાગના કર્મચારીશ્રીઓ, લગત ગામોના તલાટી-કમ-મંત્રીશ્રીઓ, ગ્રામ વિકાસનો સ્ટાફ વગેરેએ હાજર રહીને અને પ્રજાના કામોમાં મદદરૂપ થઈને કાર્યક્રમને દીપાવ્યો હતો.

આ તકે મહાનુભવશ્રીઓના વરદ્ હસ્તે સોનારડી અને ભાટિયા ગામની મનરેગા યોજનામાંથી નવનિર્મિત આંગણવાડીઓના લોકાર્પણ કરવામાં આવેલ હતા.

## ચાણસ્મા શહેર રમઝાન ઇદની ઉજવણી



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા શહેર અને જિલ્લામાં આજે મુસ્લિમ સમાજનો પવિત્ર મહિનો રમઝાન માસ પૂર્ણ થતાં આજે રમજાન ઈદની મુસ્લિમ બિરાદરોએ ખાસ નમાઝ પઢી ઉજવણી કરી ચાંદ શમા મસ્જીદ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ એકત્ર થઈ ઈદુલ ફીત્રની નમાજ અદા કરી હતી ચાણસ્માખાતે આવેલી ઈદગાહ ખાતે શનિવારે સવારે ૮ વાગ્યે ટ્રસ્ટીઓ અને મૌલવી સહિત મુસ્લિમ બિરાદરોએ રમઝાન ઈદની નમાજ અદા કરી હતી. ત્યારબાદ એક બીજાને ગળે મળી રમઝાન ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. ઈદગાહ ખાતે ભાજપ, કોગ્રેસના આગેવાનોએ મુસ્લિમ બિરદારોને ઈદ મુબારકની શુભેચ્છાઓ પાઠવી હતી મૌલાના અમમાર (પાલનપુરી) એ ઈદ નિમિત્તે સમગ્ર દેશના લોકોને સંદેશ આપતા જણાવ્યું હતું કે, તમામ ધર્મના લોકો સાથે મળીને રહે તે જ આવનારી પેઢી માટે સારી ભેટ બનશે. દરેક ધર્મના લોકોને પોતાના ધર્મ પ્રમાણે જીવવાની અને ધર્મના પાલન કરવાની આઝાદી આપણા દેશમાં છે તે ખૂબ સારી બાબત છે. આપણા સંવિધાનમાં દરેક ધર્મના લોકોને પોતાના ધર્મ મુજબ જીવવાના હક્ક મળ્યાં છે. તે સંવિધાનને આપણે સાચવવું જોઈએ.

, શાંતિપૂર્ણ માહોલમાં દરેક ધર્મના ઉત્સવ ઉજવાય એ જ આજના ઈદના તહેવારમાં અલ્લાહ તાલા સમક્ષ બંદગી કરવામાં આવી છે.

## ડમી કૌભાંડ મામલે યુવરાજસિંહના સાળા કાનભાની ધરપકડ

અમદાવાદ,તા.૨૨

એક તરફ ડમી કૌભાંડમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહની ધરપકડ કરવામાં આવી છે. ત્યારે હવે સુરત જીૅ દ્વારા યુવરાજસિંહના સાળા કાનભાની પણ ધરપકડ કરવામાં આવી છે. સુરત એસઓજી દ્વારા સુરતથી કાનભાની ધરપકડ કરવામાં આવી છે. ડમી કૌભાંડમાં બિપિન ત્રિવેદીના કથિત વીડિયોમાં કાનભાના નામનો પણ ઉલ્લેખ થયો હતો. આ વીડિયોમાં કાનભાએ પૈસાનો વહીવટ કર્યાનો ઉલ્લેખ કર્યો હતો.ભાવનગર ડમી ઉમેદવાર કૌભાંડ મામલે પોલીસે સૌથી મોટી કાર્યવાહી કરી છે. ડમી કાંડ મામલે પોલીસે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા વિરૂદ્ધ ગુનો દાખલ કરીને ધરપકડ કરાઈ છે. ભાવનગર એસઓજી કચેરી ખાતે પોલીસ દ્વારા યુવરાજસિંહની અંદાજે ૯ કલાક સુધી મેરેથોન પૂછપરછ કરવામાં આવી હતી. જે બાદ યુવરાજસિંહ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી અને ધરપકડ કરવામાં આવી.

## ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ગણાતા ભગવાનશ્રી પરશુરામજીના જન્મોત્સવ નિમિત્તે શુભેચ્છા પાઠવતા માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ગણાતા ભગવાનશ્રી પરશુરામજીના જન્મોત્સવ નિમિત્તે ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ ભગવાન શ્રી વિષ્ણુના અવતાર, ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામજીની પરમ કૃપા આપણાં સૌ પર રહે અને નિરામય તંદુરસ્તી સાથે શક્તિ, સામર્થ્ય અને સુખની પ્રાપ્તિ થતી





રહે એવી શુભેચ્છા પાઠવી.

ભગવાન પરશુરામ મહર્ષિ જમદગ્નિ અને રેણુકાના સંતાન છે. હિંદુ માન્યતાઓ અનુસાર, ભગવાન પરશુરામ પ્રદોષ સમયગાળા દરમિયાન પ્રગટ થયા હતા અને તેઓ ૮ ચિરંજીવી પુરુષોમાંના એક છે. ભગવાન પરશુરામ વિષ્ણુ ભગવાનનો છઠ્ઠો અવતાર છે. આજે પણ ભારતભરમાં શ્રી પરશુરામજી ભગવાનના જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે.

## સાણંદ બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામ ના જન્મોત્સવ ની ભવ્ય ઉજવણી કરાઈ શોભાયાત્રા નું ઠેરઠેર અદભુત સ્વાગત કરાયું

### ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે શોભાયાત્રા તથા બ્રહ્મ ચોર્યાસી





વિષ્ણુ ભગવાન ના છઠ્ઠા અવતાર અને આપણાં આરાધ્ય ★ભગવાન શ્રી પરશુરામ ના જન્મોત્સવ★ નિમિતે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી એકલિંગજી હાઈટ્સ, ડી માર્ટ ચાર રસ્તા થી શરૂ થઈ શ્રી શંકરતિર્થ આશ્રમ ખાતે સંપન્ન થઈ હતી.

પ. પૂ. ★સંત શ્રી આનંદનાથજી★ મહારાજ ના શ્રીમુખે ★ભગવાન પરશુરામ ની યશોગાથા★ ના શ્રવણ અને ત્યારબાદ ★બ્રહ્મચોર્યાસી★ માં પ્રસાદ ગ્રહણ નો લાભ લઈ ભૂદેવો ના આશીર્વાદ મેળવ્યા હતા.યથા શક્તિ દાન..ભેટ..પણ ભૂદેવો એ આપ્યા હતા..સંત શ્રી આનંદનાથજી મહારાજ નો હૃદય પૂર્વક આભાર...જયજય પરશુરામ..આ કાર્યક્રમ ને સફળ બનાવવા સાણંદ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ સનતભાઈ પંડિત..મંત્રી દિલીપભાઈ રાવલ. મેનેજિંગ ટ્રસ્ટી કમલેશભાઈ વ્યાસ..વિજયભાઈ પંડિત..પી.વી.રાવલ.. વિમાલભાઈ શુક્લ...જગદીશભાઈ ઉપાધ્યાય..દીપકભાઈ ભટ્ટ ગૌત્તમભાઈ રાવલ હરીઓમભાઈ જાની.. અજયભાઈ જોશી સહિત વિશાળ સંખ્યા માં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા..ભગવાન પરશુરામ ના જન્મોત્સવ ની શોભાયાત્રા નું ઠેર ઠેર જુદા જુદા સમજો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ‘ગૌ ટેક – ૨૦૨૩’ અંગે પ.પૂ.મુક્તાનંદજી બાપુના આશિર્વાદ પ્રાપ્ત થયા



ગૌમાતા હંમેશા ભારતની સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થાનો આધાર રહી છે. ‘ગૌ ટેક – ૨૦૨૩’ એ એક ઐતિહાસિક પ્રયાસ છે જેમાં ગાય-કેન્દ્રિત અને ગાય આધારિત ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ વર્ગના લાખો લોકો ભાગ લેશે. આ આયોજન ૨૪મી મે થી ૨૮મી મે દરમિયાન રેસકોર્સ, રાજકોટ, ગુજરાત ખાતે કરવામાં આવશે. અહી સૌ એક પરિસરમાં એકસાથે આમંત્રિત કરવામાં આવશે.

‘ગૌ ટેક – ૨૦૨૩’ ની વિસ્તૃત માહિતી આપવા માટે ભારત સરકાના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈકોનોમી (જી.સી.સી.આઈ)નાં અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયા, ભારત સરકાના પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર મિત્તલ ખેતાણી, શ્રીજી ગૌશાળા અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈનનાં રમેશભાઈ ઠક્કરની ભારત સાધુ સમાજનાં અધ્યક્ષ પ.પૂ.મુક્તાનંદજી બાપુની ચાંપરડા ધામ, જૂનાગઢ ખાતે મુલાકાત કરવામાં આવી હતી. ગાયનું મહત્વ વધારવા અંગે ‘ગૌ ટેક – ૨૦૨૩’નું જે આયોજન થયું છે તે બદલ આશિર્વાદ પાઠવ્યા છે. પ.પૂ.મુક્તાનંદજી બાપુએ જણાવ્યું હતું કે ગાયનાં ધાર્મિક દ્રષ્ટિકોણને તો આપણે જાણીએ જ છીએ પણ જો તેના આર્થિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને પણ સમજીશું તો આત્મનિર્ભર ભારત તરફ ઝડપથી આગળ વધી શકીશું. બેરોજગાર લોકો માટે રોજગારીની તકો સર્જાશે. આ માટે આગામી સમયમાં ‘ગૌ ટેક – ૨૦૨૩’નું જે આયોજન થયું છે તેમાં સૌ એ સહભાગી બનવું જોઈએ.

## ડાભેલા ગ્રામપંચાયત દ્વારા તલાટી ની પરીક્ષા માટે તાલીમ શિબિર યોજાઈ



અમીરગઢ તાલુકાના ડાભેલા ગામે ગ્રામપંચાયત ના સરપંચ તલાટી તેમજ સભ્યો દ્વારા ડાભેલા ગામના યુવાનો આવનાર તલાટી ની પરીક્ષા માં વધુમાં વધુ સફળતા મેળવે તેના અનુસંધાને તાલીમ શિબિર યોજવામાં આવી..

વીઓ... તલાટી ની પરીક્ષા માટે હવે ગણતરી નાજ દિવસો બાકી છે ત્યારે તલાટી ની પરીક્ષા માં વિધાર્થીઓ વધુમાં વધુ સફળતા મેળવે તે માટે તનતોડ મહેનત કરવામાં આવી રહી છે ત્યારે અમીરગઢ તાલુકા ના ડાભેલા ગામે ગ્રામપંચાયત ના તલાટી પ્રવિભાઈ ના માર્ગદર્શન હેઠળ ડાભેલા ગામે હનુમાનજી મંદિર માં તલાટી ની પરીક્ષા માં વધુ સફળતા મળે તેવા ઉદેશ્ય થિ તાલીમ શિબિર યોજવામાં આવી હતી જેમાં અંદાજે સીતેર જેટલાં વિધાર્થીઓ જેમને તલાટી ની પરીક્ષા માટે ફોર્મ ભેરેલ છે તેવા વિધાર્થીઓ આ તલામી શિબિર માં જોડાયા હતા આ તાલીમ શિબિર માં ડાભેલા ગ્રામપંચાયત ના સરપંચ ચરણસિંહ ડાભી દ્વારા સૌ પ્રથમ બહેનો ને તલાટી ની પરીક્ષા માં મદદરૂપ રૂપ થાય તે માટે પુસ્તકો તેમજ બોલ પેન આપી પ્રોત્સાહિત કર્યો હતા ત્યારબાદ ડાભેલા ગ્રામપંચાયત ના હમેશા ગામનું હિત વિચારતા તલાટી શ્રી પ્રવીણભાઈ તેમજ ગ્રામપંચાયત ના સભ્યો ડાભેલા દ્વારા તલાટી ની પરીક્ષા માટે જે તૈયારીઓ કરે છે તેવા વિધાર્થીઓ ને પુસ્તકો તેમજ બોલ પેન આપવમાં આવી હતી ત્યાર બાદ તલાટી શ્રી પ્રવિભાઈ દ્વારા વિધાર્થીઓ ની પરીક્ષા સમયે કંઈ કંઈ સાચવતી રાખવી તેમજ ક્યા પ્રકાર નું વાંચન કરવું તેવી ઘણી બધી સલાહ આપી હતી.અત્રે ઉલખેનીય છેકે એક બાજુ તલાટી ની પરીક્ષા નજીક આવી રહી છે વિધાર્થીઓ પરીક્ષા માટે એડિચોંટી નું જોર લગાઈ રહ્યા છે ત્યારે આ શિબિર થિ વિધાર્થીઓ ઘણી મદદરૂપ બની શકે તેમ છે

અંતે વોર્ડ આ શિબિર ની ડાભેલા આભાર વિધિ કરી પૂર્ણાવતી કરી હતી.

રિપોર્ટર ડાભી જોધારસિંહ

# અમદાવાદમાં નિરમા યુનિવર્સિટી ખાતે અશ્વમેધ - ધ નેશનલ ફેસ્ટિવલમાં સાંસ્કૃતિક, યુવા અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

**વિદ્યાર્થીઓએ સપના જોવા જોઈએ અને તે સપનાંઓને પરિપૂર્ણ કરવા અથાક પ્રયત્નો કરતા રહેવું જોઈએઃ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી**

**સ્ટાર્ટઅપ પોલીસી ક્ષેત્રે ગુજરાત અદભુત કામગીરી કરી રહ્યું છે, વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર ભારતના સૂત્રને સાકાર બનાવેઃ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી**

**સુશાસનની કામગીરીમાં વિદ્યાર્થીઓ જોડાય અને બનતી વિવિધ યોજનાઓમાં પોતાનો મત આપેઃ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી**



અમદાવાદ,

અમદાવાદમાં નિરમા યુનિવર્સિટી ખાતે અશ્વમેધ - ધ નેશનલ ફેસ્ટિવલમાં ગુજરાતના સાંસ્કૃતિક યુવા અને રમત -ગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, અશ્વમેધ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓએ પોતાની રુચિ હોય તેમાં ભાગ લઈ પોતાની ઓળખ ઊભી કરવી જોઈએ.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓએ સપના જોવા જોઈએ અને તે સપનાંઓને પરિપૂર્ણ કરવા અથાક પ્રયત્નો કરતા રહેવું જોઈએ.

મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય સરકારની સ્ટાર્ટ અપ પોલીસીની વાત કરતા જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ પોલીસી ક્ષેત્રે ગુજરાત અદભુત કામગીરી કરી રહ્યું છે, અને દેશમાં મોડેલ સ્વરૂપ બની રહ્યું છે. આપ સૌ પણ આ યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર ગુજરાત અને આત્મનિર્ભર ભારતના સૂત્રને સાકાર કરવામાં ભાગીદાર બનો અને દેશમાં વિવિધ ક્ષેત્રે પોતાની ઓળખ ઊભી કરો, એવો આશાવાદ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

તેમણે સુશાસનની બાબતમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ સરકારની સુશાસનની કામગીરીમાં ભાગ લેવો જોઈએ અને વિવિધ ક્ષેત્રે બનતી યોજનાઓમાં પોતાનો મત આપવો જોઈએ. જેથી સરકાર પોતે તેમના નિર્ણયોને ધ્યાનમાં રાખી યોજનાઓનો અમલ કરે, તેમ તેમણે ઉમેર્યું હતું.

અંતે તેઓએ અશ્વમેધ ફેસ્ટિવલની વાત કરતા કહ્યું હતું કે, અશ્વમેધ ફેસ્ટિવલમાં આપ સૌ ભાગ લઈ પોતાનો અને અન્યનો વિકાસ કરશો સાથે જ આ કાર્યક્રમ થકી એકતા પ્રસ્થાપિત કરશો તેઓ અમને વિશ્વાસ છે.

આ કાર્યક્રમમાં નિરમા યુનિવર્સિટીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી હિરેનભાઈ કે. પટેલ, ડાયરેક્ટર જનરલ શ્રી અનુપ કે. સિંઘ, ડૉ. માધુરી પરીખ, યુનિવર્સિટીના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## "યાત્રાધામ સ્વચ્છતા અભિયાન" અંતર્ગત અક્ષરધામ મંદિર ગાંધીનગર ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું





ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના "યાત્રાધામ સ્વચ્છતા અભિયાન" અંતર્ગત અક્ષરધામ મંદિર ગાંધીનગર ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું જેમાં મેયર હિતેષભાઈ મકવાણા,ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ સફાઈ કાર્યમાં જોડાયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.